સુવિચાર

સારા કામ માટે સારી સવાર તો રોજ મળે છે બસ આપણે એને સારા વિચારથી જોવાની જરૂર છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્રમાં હથિયાર સપ્લાય કરનાર શખ્સ મધ્યપ્રદેશથી ઝડપાયો

P-4

Year-16, Issue-198 ■ DATE : 04-12-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દેશના 21,000 CCTV કેમેરા હેક થવાનો ખતરો

**રાજકોટમાં ૩૩, ભાવનગરમાં ૨૪, ગાંધીનગરમાં ૨૦, અમદાવાદમાં ૩૯૯, સુરતમાં ૧૬૬, વડોદરામાં ૮૭ સીસીટીવી કેમેરાની કિલપ્સ ઈન્ટરનેટ પર ફરતી થઈ શકે છેઃ અમેરિકી સાઈબર નિષ્ણાંતોની ચેતવણી**




**મુખ્ય સમાચાર, અમદાવાદ**


થોડા સમય પહેલા રાજકોટની એક હોસ્પિટલના હેક થયેલા સીસીટીવી ફૂટેજ વાયરલ થયા હતા. જે બાદ દેશભરમાં સીસીટીવી ફૂટેજને લઈ ચર્ચા શરૂ થઈ છે. રાજકોટની ઘટના બાદ ગુજરાતના ઘણા શહેરોમાં સીસીટીવી હેક થવાનું જોખમ છે. ઉપકરણો પરના યુએસ-સ્થિત સાયબર-સિકયોરિટી નિષ્ણાતના અહેવાલ મુજબ, ૭૭૭ -આધારિત કેમેરા સંવેદનશીલ જણાયા છે. આ કેમેરામાં નબળા સ્પોટ્સ મળી આવ્યા હતા જેનાથી હેકર્સ આ વર્ષે ફેબ્રુઆરીમાં દેશભરના માત્ર ૮૦ ખાનગી ઈન્ટરનેટ પ્રોટોકોલ આધારિત સીસીટીવી કેમેરા ડેશબોર્ડ્સમાંથી ૫૦,૦૦૦ ખાનગી ક્લિપ્સ ચોરી શકયા હતા. આ વીડિયો ક્લિપ્સ બાદમાં ટેલિગ્રામ ગ્રુપ અને પોર્ન નેટવર્ક્સ પર વેચવામાં આવી હતી.


સાયબર-સિકયોરિટી ટ્રેકર્સ ચેતવણી આપે છે કે ગુજરાત તો એક મોટી સમસ્યાનો માત્ર એક ભાગ છે સમગ્ર ભારતમાં ૨૧,૪૪૪ સીસીટીવી કેમેરા આવી જ રીતે સંવેદનશીલ છે. તેમની ક્લિપ્સ ઈન્ટરનેટ પર ફરતી થઈ શકે છે. ગુજરાતમાં ઈન્ટરનેટ પર દેખાતા ૭૭૭ સંવેદનશીલ આઈપી કેમેરામાંથી, સૌથી વધુ જોખમ અમદાવાદમાં નોંધાયું છે જ્યાં ૩૯૯ આઈપી કેમેરા જોખમમાં છે, ત્યારબાદ સુરતમાં ૧૬૬, વડોદરામાં ૮૭, રાજકોટમાં ૩૩, ભાવનગરમાં ૨૪, અને ગાંધીનગરમાં ૨૦નો સમાવેશ થાય છે. તેમ ટાઈમ્સ ઓફ ઈન્ડીયાનો અહેવાલ જણાવે છે.

સૂત્રોએ જણાવ્યું કે, આ ઉપકરણોમાંથી ઘણા બેબી મોનિટર્સ, હોમ સીસીટીવી અને નાના વ્યવસાયોના સેટઅપ્સ છે. ૨૦૨૫ માં ભારતીય આઈપી એડ્રેસમાંથી ઓછામાં ઓછા એક વખત ઓનલાઈન રહેલા અને શોષણ થવાની રાહ જોઈ રહેલા કુલ ૨૧,૪૪૪ ઉપકરણો રેકોર્ડ કરવામાં આવ્યા હતા. જેમાં દિલ્હીમાં ૨,૯૧૪, મુંબઈમાં ૧,૮૪૨, બેંગલુરુમાં ૧,૨૦૫, હૈદરાબાદમાં ૧,૧૦૦, પુણેમાં ૮૯૯, ચેન્નાઈમાં ૮૨૩, કોલકાતામાં ૬૮૩નો સમાવેશ થાય છે. આ મોટા ભારતીય શહેરોમાં હજારો જોખમમાં મુકાયેલા ઉપકરણો રાજકોટની ઘટના કોઈ છૂટીછવાઈ ઘટના નહોતી તેમ દર્શાવે છે.

રાજકોટની ઘટના દર્શાવે છે કે હોસ્પિટલના વોર્ડ, ઘરો, સિનેમા થિયેટરો અને બેબી મોનિટર્સનું કેવી રીતે ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. સૂત્રોએ જણાવ્યું કે, થોડા જોખમમાં મુકાયેલા ડેશબોર્ડ પણ ફરીથી વેચવા માટે હજારો ક્લિપ્સ પેદા કરી શકે છે. આમાંના ઘણા ઉપકરણો બેબી મોનિટર્સ અને નેની કેમ્સ છે જે રિમોટ વ્યૂઈંગ દ્વારા એક્સેસ કરી શકાય છે. આ પૈકી ઘણા પાસવર્ડ કોમન હતા. જેમ કે admin123. આવા નબળા પાસવર્ડ ઉપકરણોને જોખમમાં મૂકે છે. તેમને સ્કેન કરવા અને પાસવર્ડ ક્રેક કરવા સરળ હતા. દિલ્હી (૨,૯૧૪ આઈપી કેમેરા), મુંબઈ (૧,૮૪૨), બેંગલુરુ (૧,૨૦૫), હૈદરાબાદ (૧,૧૦૦), પુણે (૮૯૯), ચેન્નાઈ (૮૨૩) અને કોલકાતા (૬૮૩) જેવા મુખ્ય ભારતીય શહેરોમાં હજારો ઉપકરણો ખુલ્લા પાડવામાં આવ્યા છે, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે રાજકોટ ચોરી એક વખતની ઘટના નહોતી.

મેરાપેસી સૂચવે છે કે આ આંકડો દર્શાવે છે કે ઓછી કિંમતના કેમેરા સુવિધાઓએ આખા શહેરોને સરળ, સ્વચાલિત હુમલાઓ માટે ખુલ્લા છોડી દીધા છે.




## SIR દરમ્યાન BLO ઓના મૃત્યુ પર સુપ્રીમ કોર્ટે ગંભીર ચિંતા વ્યક્ત કરી, રાજ્યો માટે કડક નિર્દેશ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે ભારતીય ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલી વિશેષ સઘન સુધારણા (Special Intensive Revision - SIR) પ્રક્રિયા દરમિયાન બૂથ લેવલ ઓફિસર્સના મૃત્યુની ઘટનાઓ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. સર્વોચ્ચ અદાલતે BLO ઓ પરના કામના બોજને તાત્કાલિક ઘટાડવા માટે રાજ્યોને કડક અને મોટા નિર્દેશો આપ્યા છે.



સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે આ BLO રાજ્ય સરકારના કર્મચારીઓ છે અને તેમની કાળજી લેવાની જવાબદારી સંપૂર્ણપણે રાજ્યોની છે.

રાજ્ય સરકારોએ SIR કાર્ય માટે વધારાના કર્મચારીઓ તૈનાત કરવા જોઈએ, જેથી હાલના BLOઓ પરના કામના કલાકો અને કાર્યભાર આ પ્રમાણમાં ઘટાડી શકાય.

CJI સૂર્ય કાંતે ટિપ્પણી કરી કે જો કોઈ કર્મચારી બીમાર હોય અથવા અસમર્થ હોય, તો રાજ્ય સરકાર વૈકલ્પિક કર્મચારીઓની તૈનાત કરી શકે છે.

જો કોઈ કર્મચારી પાસે ડ્યૂટીમાંથી મુક્તિ માગવાનું કોઈ ખાસ કારણ હોય, તો સંબંધિત અધિકારીઓ કેસ-ટુ-કેસના આધારે આ મુદ્દા પર વિચાર કરી શકે છે.

કોર્ટે કડક શબ્દોમાં કહ્યું કે જ્યાં (BLOsની સંખ્યા) દસ હજાર છે, ત્યાં ૨૦ કે ૩૦ હજાર કર્મચારીઓ લગાવી શકાય છે. ''ચૂંટણી પ્રક્રિયા કાનૂની કાર્ય હોવાથી, રાજ્ય સરકારોએ વધારાના કર્મચારીઓ પૂરા પાડવા પડશે, જેથી હાલના કર્મચારીઓ પરનો કાર્યભાર અને કાર્યના કલાકો પ્રમાણસર ઘટાડી શકાય.''

અરજદારોએ કોર્ટને જણાવ્યું હતું કે ૯ રાજ્યો અને ૩ કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ડેટા આપવામાં આવ્યો છે, જ્યાં SIR ચાલી રહ્યું છે. દરેક રાજ્યમાં એવા પરિવારો છે, જેમના બાળકો અનાથ થયા છે અને માતા-પિતા વિખૂટા પડી ગયા છે - કારણ કે ECI, BLOs ને સેક્શન ૩૨ ની નોટિસ મોકલી રહી છે.

## દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડીગોની ૧૫૦ ફલાઈટ રદ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગઈકાલે દિલ્હી સહિતના વિમાની મથકો પર ચેક-ઈન સીસ્ટમમાં સર્જાયેલી ગડબડથી સેંકડો ફલાઈટ વિલંબમાં પડી હતી અથવા રદ કરવી પડી હતી તો બીજી તરફ પાઈલોટ કેબીન ક્રુની અછતનો સામનો કરી રહેલી દેશની સૌથી વધુ વિમાની સેવા આપતી ઈન્ડીગો એરલાઈનની આજે વધુ ૧૫૦ ફલાઈટ રદ થતા વિમાની મથકામાં અફડાતફડી ચાલુ જ છે.




દેશમાં પાઈલોટ કેબીન ક્રુની ડ્યુટીના નિયમોમાં ફેરફાર થતા સૌથી વધુ અસર ઈન્ડીગોને પડી છે અને કંપનીએ તે માટે આગોતરી તપાસ નહી કરતા ડીજીસીએ એ એરલાઈનને નોટીસ ફટકારી છે. જો કે ઈન્ડીગોની ૧૫ ઉડાન રદ થતા અન્ય વિમાની કંપનીઓને એરફેર વધી ગયા છે.

દિલ્હી-બેંગ્લુરુનુ ભાડુ જે રૂા.૧૧૦૦૦ની રેન્જમાં હોય છે તે રૂા.૪૩૦૦૦થી વધી ગઈ છે. મુંબઈ કોલકતા વિમાની સેવામાં રૂા.૮૦૦૦ના રૂા.૧૯૦૦૦ વસુલાઈ રહ્યા છે. હાલ ઈન્ડીગોની ફકત ૩૫% જ સેવા ચાલુ છે.

ડીજીસીએ એ પાઈલોટ માટે ૧ દિવસમાં ૮ કલાક અને સપ્તાહમાં વધુમાં વધુ ૩૫ કલાક જ ડ્યુટી આપવા સહિતના જે નિયમો બનાવ્યા છે તેના કારણે અગાઉ જ પાઈલોટની તંગી અનુભવી રહેલી આ એરલાઈનની મુશ્કેલી વધી છે.

## દિલ્હી-એનસીઆર ઠંડીથી ઠીંગરાયું

દિલ્હી-એનસીઆરમાં ઠંડી વધી ગઈ છે અને આજે ન્યુનતમ તાપમાન ૧૦ થી ૧૨ ડીગ્રી સેલ્સીયલ રહ્યું છે તો કાશ્મીરમાં શ્રીનગરમાં તાપમાન માઈનસ ચાર ડીગ્રી નોંધાયુ છે. કાશ્મીર અને હિમાચલ પ્રદેશ જેવા પહાડી ક્ષેત્રોમાં ખાસ કરીને હિમાચલ અને કાશ્મીરમાં ભારે બરફ વર્ષા ચાલુ છે. તાપમાનનો પારો શુન્યથી નીચે ચાલ્યો ગયો છે. કેટલાંક સ્થળોમાં તો તાપમાન માઈનસ ૧૮ ડીગ્રી સેલ્સીયસ સુધી પહોંચી ગયુ છે. બરફ વર્ષાના કારણે મેદાની વિસ્તારોમાં પણ ઠંડી વધી છે.રોહતાગ જેવા કેટલાંક રસ્તા બંધ કરી દેવાયા છે. મેદાની વિસ્તારોમાં પહાડોથી આવી રહેલી બર્ફીલી હવાઓના કારણે ઠંડી ઘણી વધી ગઈ છે. ભારત હવામાન વિજ્ઞાન વિભાગે સંકેત આપ્યો છે કે આ વર્ષે શિયાળો લા નીના અસરના કારણે છેલ્લા કેટલાંક દાયકાઓમાં સૌથી ઠંડો હોઈ શકે છે. રાજસ્થાનમાં હાલ કડકડતી ઠંડી પડી રહી છે. અનેક જીલ્લામાં કોલ્ડવેવનું યેલો એલર્ટ જાહેર કર્યું છે. સીકરમાં ન્યુનતમ તાપમાન ૩ ડીગ્રી સેલ્સીયસ નોંધાયુ છે.

## રશિયાના રાષ્ટ્રપતિ પુટીનનું આજે ભારતમાં આગમનઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે કાલે શિખર બેઠક

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત અને રશિયાના સંબંધોને એક નવી રાજદ્વારી-વ્યાપારીક-સંરક્ષણ ઉંચાઈ પર લઈ જવાની શકયતા વચ્ચે આજે સાંજે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીનના દિલ્હી આગમન સાથે જ વિશ્વભરની નજર ભારત પર હશે.

અમેરિકાના ટેરીફ-વોર અને રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધના કારણે અનેક પ્રકારના પ્રતિબંધો વચ્ચે રશિયા હવે ક્રુડતેલ અને રાજદ્વારી મોરચે પણ ભારત પર વધુ આધારિત બન્યુ છે તે સમયે રાષ્ટ્રપતિ પુટીન સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શિખર મંત્રણા મહત્વની સાબીત થશે.

પુટીન તેના વ્યાપાર સુધીના સૌથી મોટા કેબીનેટ-વ્યાપારી પ્રતિનિધિમંડળ સાથે ભારત આવી રહ્યા છે. આજે દિલ્હી પહોંચ્યા બાદ વડાપ્રધાન નિવાસે તેઓને મોદી ખાસ



પ્રાઈવેટ-ડિનર આપશે અને બન્ને નેતાઓ વ્યક્તિગત વાતચીત પણ કરશે તો કાલે સવારે પુટીન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સમાધી પર પુષ્પાંજલી કરશે અને બાદમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે પુટીનનું પરંપરાગત ભવ્ય સ્વાગત થશે.

ભારત-પાક વચ્ચેની ૨૩મી શિખર બેઠકમાં વ્યાપક વ્યાપારીક સંરક્ષણ સહિતના કરાર થશે. પુટીન સાથે રશિયાના આર્થિક વિકાસ મંત્રી ઉપરાંત વિદેશ-સંરક્ષણ વિભાગ સહિત અડધો ડઝનથી વધુ મંત્રીઓ આવી રહ્યા છે જે હાલમાં કોઈ વિદેશ યાત્રાએ જનાર સૌથી મોટું કેબીનેટ પ્રતિનિધિમંડળ છે તો રશિયાની ટોચની ૭૫ કંપનીઓના એકઝીકયુટીવ ભારત પહોંચી ગયા છે.

ભારત અને રશિયા વચ્ચેના વ્યાપારધારામાં રશિયા વધુ આયાત ભારતમાં કરે તેવી શકયતા છે. શ્રી પુટીનની સાથે રશિયાના સંરક્ષણમંત્રી મોદ્દે બેલૌસોપ પણ ભારત આવ્યા છે અને તેઓ આજે સાંજે સંરક્ષણમંત્રી રાજનાથસિંઘ સાથે સંરક્ષણ ક્ષેત્રે એસ-૫૦૦ એરડિફેન્સ સીસ્ટમ પર કરાર થઈ શકે છે.

બેલોસોપ એક અર્થશાી છે અને યુક્રેન સાથેના લાંબા યુદ્ધ છતા પણ રશિયાના અર્થતંત્રને મજબૂત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આમ ભારતને એસ-૫૦૦ એર ડિફેન્સ સીસ્ટમ મળે તે અત્યંત મહત્વનું બની જશે.

## દેશની જાસૂસીના આરોપમાં ગુજરાત એટીએસ દ્વારા પાકિસ્તાનના બે વ્યકિતની ધરપકડ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત એન્ટી-ટેરરિસ્ટ સ્ક્વોડએ દેશની સુરક્ષાને લગતી ગુપ્ત માહિતી પાકિસ્તાની જાસૂસોને પૂરી પાડતા બે વ્યક્તિની ધરપકડ કરીને જાસૂસી નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પકડાયેલા બંને જાસૂસોમાં એક મહિલા અને એક પૂર્વ આર્મી જવાનનો સમાવેશ થાય છે.




ગુજરાત એટીએસ દ્વારા આ ઓપરેશનમાં દમણ અને ગોવા એમ બે અલગ-અલગ સ્થળોએથી બે જાસૂસોની ધરપકડ કરવામાં આવી છે. રશ્મિન રવિન્દ્ર પાલ નામની મહિલા જાસૂસની ગુજરાત એટીએસ દ્વારા દમણમાંથી ધરપકડ કરવામાં આવી છે. જ્યારે બીજો આરોપી એ.કે. સિંહ, જે ભારતીય આર્મીમાં સુબેદાર તરીકે ફરજ બજાવતો હતો, તેની ધરપકડ ગોવામાંથી કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે બંને આરોપીઓ પાકિસ્તાનની જાસૂસી સંસ્થાઓના સંપર્કમાં હતા અને દેશ વિરોધી પ્રવૃત્તિઓમાં સક્રિય હતા. પૂર્વ આર્મી સુબેદાર એ.કે. સિંહ પર પાકિસ્તાનના જાસૂસોને આર્થિક મદદ પહોંચાડવા માટે મદદ કરવાનો ગંભીર આક્ષેપ છે. બંને જાસૂસ દેશના સંવેદનશીલ વિસ્તારની જાસૂસી કરીને ગુપ્ત માહિતી લીક કરતા હોવાનું સામે આવ્યું છે.

ગુજરાત એટીએસ હવે આ નેટવર્કના અન્ય લોકો સુધી પહોંચવા અને તેમણે અત્યાર સુધીમાં કેટલી અને કઈ કઈ સંવેદનશીલ માહિતી લીક કરી છે તે જાણવા માટે તપાસ કરી રહી છે.

## મદીનાથી હૈદરાબાદ જતી ફ્લાઈટનું અમદાવાદ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

મદીનાથી હૈદરાબાદ જઈ રહેલી એક ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં હાજર એક મુસાફરે ક્રુ મેમ્બરને એવું કહ્યું હતું 'કે મારી પાસે બોમ્બ છે અને થોડીક વારમાં બ્લાસ્ટ થઈ જશે'. ત્યારબાદ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર તાત્કાલિક ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું છે. ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળતા જ એરપોર્ટ ઓથોરિટી અને સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી.

મળતી પ્રાથમિક માહિતી મુજબ, મદીનાથી હૈદરાબાદ તરફ જઈ રહેલી ફ્લાઈટમાં બોમ્બ હોવાની માહિતી મળી હતી. આ ગંભીર ધમકીને પગલે પાયલોટે તાત્કાલિક નજીકના એરપોર્ટ




પર સંપર્ક કર્યો હતો અને ફ્લાઈટને ડાયવર્ટ કરીને અમદાવાદ એરપોર્ટ પર સુરક્ષિત રીતે લેન્ડ કરાવવામાં આવી હતી. ફ્લાઈટમાં હાજર એક મુસાફરે ક્રુ મેમ્બરને એવું કહ્યું હતું કે 'મારી પાસે બોમ્બ છે અને થોડીક વારમાં બ્લાસ્ટ થઈ જશે' ત્યારબાદ ફ્લાઈટનું ઈમરજન્સી અમદાવાદ એરપોર્ટ પર લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું.

અચાનક થયેલા લેન્ડિંગ અને બોમ્બની વાત વહેતી થતા વિમાનમાં સવાર મુસાફરોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. જોકે, એરપોર્ટ પર લેન્ડિંગ થતાની સાથે જ સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી હતી.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ, CISF, ડોગ સ્ક્વોડ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડની ટીમો તાત્કાલિક એરપોર્ટ પર પહોંચી ગઈ હતી. હાલ મુસાફરો અને તેમના સામાનનું ઝીણવટભર્યું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ ધમકી માત્ર અફવા છે કે ગંભીર કાવતરું તે અંગે તપાસ એજન્સીઓ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

ઝોન ૪ ડીસીપી અતુલ બંસલે જણાવ્યું હતું કે પોલીસને જાણ થતા પોલીસની ટીમ એરપોર્ટ પહોંચી છે અત્યારે તમામ મુસાફરોનું બોર્ડિંગ કરાવીને એરપોર્ટમાં લાવવામાં આવ્યા છે.શંકાસ્પદ વ્યક્તિને પણ અટક કરવામાં આવી છે.હાલ ફ્લાઈટનું ચેકિંગ કરીને આગળની પ્રક્રિયા કરવામાં આવી રહી છે.

## સતત બીજા દિવસે ડોલર સામે રૂપિયાનું વધુ ધોવાણ

**અમેરિકા સાથેના ટ્રેડ વોર તથા વિદેશી સંસ્થાઓ દ્વારા નાણા પાછા ખેંચાતા સીધી અસર**

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકા સાથેના ટ્રેડ વોર તથા વિદેશી નાણા સંસ્થાઓ દ્વારા સતત રોકાણ પાછુ ખેંચાવાના ઘટનક્રમ જેવા કારણોથી કરન્સી માર્કેટમાં ડોલર સામે દબાણમાં આવી ગયેલા રૂપિયામાં સતત ઘટાડો ચાલુ જ રહ્યો છે અને આજે વધુ નીચે સરકીને ૯૦.૪૧ના નવા તળીયે સરકી ગયો હતો.

કરન્સી માર્કેટમાં છેલ્લા ચારેક દિવસથી ડોલર સામે રૂપિયામાં પ્રચંડ દબાણ રહ્યું છે અને આજે પણ આ સીલસીલો જારી રહ્યો હોય તેમ ૯૦.૪૧ની નવી નીચી સપાટી બનાવી હતી. ગઈકાલે ૯૦.૨૯ની નવી નીચી સપાટી બનાવી હતી. તે



પછી ૯૦.૧૯ના સ્તરે બંધ રહ્યો હતો.

આજે કરન્સી માર્કેટના કામકાજમાં રૂપિયો તુટવો ચાલુ જ રહ્યો હતો. વિદેશી નાણા સંસ્થાઓ શેરબજારમાં બેજોડ અબજો રૂપિયાનું વેંચાણ કરી રહ્યું હોવાથી તેનો આઉટફલો સતત વધી રહ્યો છે. તેની કરન્સી માર્કેટમાં મોટી અસર છે.

આ સિવાય અમેરિકા સાથે ટ્રેડ ડીલમાં ઢીલ થતી હોવાથી તે ટુંકાગાળામાં શકય બનશે કે કેમ તે અનિશ્ચિતતાનો માહોલ ઉભો થતા તેનો પણ પ્રત્યાઘાત હતો. ચાલુ કેલેન્ડર વર્ષમાં ડોલર સામે રૂપિયામાં અંદાજિત ૫ ટકાનો ઘટાડો થયો છે.

કરન્સી નિષ્ણાંતોના કહેવા પ્રમાણે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયાનું ૯૦નું લેવલ તુટવાના કારણે મનોવૈજ્ઞાનિક અસર ઉભી થઇ છે. અમેરિકા સાથે ટુંકાગાળામાં ટ્રેડ ડીલ શકય ન બને તો આવતા દિવસોમાં એ ૯૨ સુધી પહોંચી શકે છે.

જોકે અન્ય ઘટનાક્રમો પણ ભાગ ભજવે તેવી શકયતા છે. ઘટતા રૂપિયાને કારણે ભારતમાં મોંઘવારી ભડકવાની પણ આશંકા છે. કારણ કે ક્રુડ સોના ચાંદીથી માંડીને ઈલેક્ટ્રોનિક ચીજો પણ મોંઘી થઇ શકે છે.

રાજયકક્ષાની રાસ-ગરબા સ્પર્ધામાં

# જામનગરના રાજશક્તિ રાસ મંડળે પ્રથમ ક્રમ મેળવી સમગ્ર સૌરાષ્ટ્રનું ગૌરવ વધાર્યું

**મુખ્ય સમાચાર, જામનગર**

રાજકોટ સ્થિત હેમુ ગઢવી હોલ ખાતે તાજેતરમાં યોજાયેલી રાજ્યકક્ષાની રાસ-ગરબા સ્પર્ધામાં જામનગર શહેરના રાજશક્તિ રાસ મંડળે શાનદાર પ્રદર્શન કરીને પ્રથમ ક્રમાંક હાંસલ કર્યો છે જેના કારણે સમસ્ત સૌરાષ્ટ્રનું ગૌરવ વધ્યું છે. ગુજરાતના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજિત આ સ્પર્ધામાં રાજ્યભરના કલાકારોએ ભાગ લઈને ઉત્કૃષ્ટ કલા પ્રદર્શન કર્યું હતું.સૌથી પ્રતિષ્ઠિત એવી રાસ સ્પર્ધામાં જામનગર શહેરના રાજશક્તિ રાસ મંડળે સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. આ સિવાય, સુરેન્દ્રનગર શહેરનું ગોવાળિયા રાસ મંડળ દ્વિતીય ક્રમાંકે અને સુરત શહેરનું ઓમ કલ્ચરલ તૃતીય ક્રમાંકે વિજેતા જાહેર થયા છે. આ સ્પર્ધામાં પ્રાચીન ગરબા



અને અર્વાચીન ગરબાની શ્રેણીઓ પણ યોજવામાં આવી હતી. અર્વાચીન ગરબા સ્પર્ધામાં ગાંધીનગર શહેરનું પનઘટ કલા કેન્દ્ર પ્રથમ ક્રમાંકે, સુરત શહેરનું સપ્તધ્વનિ સંગીત વર્ગ કલાવૃંદ દ્વિતીય ક્રમાંકે અને તાપી શહેરનું કસ્તુરબા અધ્યાપન મંદિર તૃતીય ક્રમાંકે વિજેતા બન્યા હતા.

જ્યારે પ્રાચીન ગરબા સ્પર્ધામાં સુરત શહેરનું સપ્તધ્વનિ સંગીત વર્ગ કલાવૃંદ પ્રથમ ક્રમાંકે, રાજકોટ શહેરની શ્રી એમ.એન્ડ એન. વિરાણી સાયન્સ કોલેજ દ્વિતીય ક્રમાંકે અને અમરેલી શહેરની કે.પી. ધોળકિયા ઈન્ફોટેક મહિલા કોલેજ તૃતીય ક્રમાંકે વિજેતા ઘોષિત થયા હતા.

ગુજરાત સરકાર દ્વારા આયોજિત આ સ્પર્ધામાં પ્રાચીન ગરબા, અર્વાચીન ગરબા અને રાસની સ્પર્ધાના દરેક શ્રેણીના પ્રથમ ત્રણ વિજેતાઓને રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રથમ વિજેતાઓને રૂ. ૫૧,૦૦૦, દ્વિતીય વિજેતાઓને રૂ. ૪૧,૦૦૦ અને તૃતીય વિજેતાઓને રૂ. ૩૧,૦૦૦ નો રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. જામનગરના આ વિજયથી લોકકલા ક્ષેત્રે શહેરની ઓળખ વધુ મજબૂત બની છે.

# જામનગરની સરકારી ડેન્ટલ કોલેજમાં 'રાષ્ટ્રીય દાંત સફાઈ દિવસ'ની ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સ્થિત ગવર્નમેન્ટ ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલના પબ્લિક હેલ્થ ડેન્ટિસ્ટ્રી વિભાગ દ્વારા રાષ્ટ્રીય દાંત સફાઈ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં ઈન્ડિયન એસોસિયેશન ઓફ પબ્લિક હેલ્થ ડેન્ટિસ્ટ્રીના સૂચન અનુસાર જનસમુદાયમાં મોઢાની સ્વચ્છતા અને દાંતની સાચી સંભાળ વિશે જાગૃતિ ફેલાવવામાં આવી હતી.

કાર્યક્રમના સંકલનકર્તા અને વિભાગના નિષ્ણાત ડૉ. રોહિત અગ્રવાલના માર્ગદર્શન હેઠળ સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિભાગના ફેકલ્ટી સભ્યો દ્વારા દાંત સાફ કરવાની યોગ્ય પદ્ધતિનું મોડેલની મદદથી જીવંત નિદર્શન રજૂ કરવામાં આવ્યું અને મોઢાની સ્વચ્છતા અંગે જાગૃતિ પ્રવચન આપવામાં આવ્યું હતું.પ્રવચનમાં તેમણે દાંત અને દાઢની આસપાસ જામતા પ્લેકને દૂર કરવાના રસ્તાઓ,




યોગ્ય બ્રશની પસંદગી, દિવસમાં બે વખત દાંત સાફ કરવાની આવશ્યકતા અને પેઢાની સંભાળ વિશે વિગતવાર સમજણ આપી હતી.

મૌખિક સ્વાસ્થ્ય જાળવવા માટે યોગ્ય બ્રશિંગ ઉપરાંત અન્ય જીવનશૈલીના પાસાઓ પર પણ ધ્યાન દોરવામાં આવ્યું. તેમાં સારો આહાર, ખાંડવાળો ખોરાક ટાળવો, તમાકુના દૂષણોથી દૂર રહેવું અને નિયમિતપણે ડેન્ટલ ચેક-અપ કરાવવાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો. લોકોમાં હકારાત્મક વલણ વધારવા અને સ્વસ્થ સ્મિતને પ્રોત્સાહિત કરવા માટે એક વિશેષ ''હેલ્ધી સ્માઈલ સેલ્ફી બૂથ''નું આયોજન કરવામાં આવ્યું હતું જે કાર્યક્રમનું આકર્ષણનું કેન્દ્ર બન્યું.કાર્યક્રમ દરમિયાન હાજર રહેલા લગભગ ૧૦૦ જેટલા લોકોને ટૂથબ્રશનું વિતરણ કરવામાં આવ્યું. સ્થળ પર પોસ્ટર, બેનર અને હેલ્થ એજ્યુકેશન ચાર્ટનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું, તેમજ સામાન્ય લોકોને માહિતીપ્રદ પેમ્ફલેટ અને સામગ્રી આપીને દાંતની સંભાળ અંગે માહિતી પહોંચાડવામાં આવી.

સંસ્થાના જણાવ્યા અનુસાર,આ કાર્યક્રમ દ્વારા લોકોમાં દાંત સાફ કરવાની યોગ્ય પદ્ધતિ અને રોજિંદી મૌખિક સ્વચ્છતા અપનાવવાની પ્રેરણા આપવામાં સફળતા મળી છે. વિભાગના તમામ ફેકલ્ટી સભ્યોના સક્રિય સહયોગથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# જામનગર જિલ્લા ચૂંટણી અધિકારી કેતન ઠક્કરે SIR અંતર્ગત ઉત્કૃષ્ટ કામગીરી કરનાર BLOs અને રૂટ સુપરવાઈઝર્સને સન્માનિત કર્યા






**મુખ્ય સમાચાર, જામનગર**

ભારતીય ચૂંટણી પંચની સૂચના મુજબ ચાલી રહેલા મતદાર યાદી સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ અન્વયે હાલના સમયગાળામાં હાઉસ ટુ હાઉસ ગણતરી ફોર્મ (EF) પરત લેવાની અને તેને ઓનલાઈન ડીજીટાઇઝડ કરવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી બુથ લેવલ ઓફિસર્સ (BLOs) મારફત કરવામાં આવે છે. BLOsને તેમના મતદાન મથકોના મતદારોની સંખ્યાને આધારે કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં જણાવવામાં આવ્યું છે. જે બુથ લેવલ ઓફિસર્સ અને રૂટ સુપરવાઈઝર્સ દ્વારા ઉત્કૃષ્ટ અને વિશેષ કામગીરી કરવામાં આવી છે તેઓને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર કેતન ઠક્કરે સન્માનિત કરી તેમની સાથે સંવાદ કર્યો હતો.

જિલ્લા ચૂંટણી અધિકારીએ બુથ લેવલ ઓફિસર્સને સોપવામાં આવેલ કામગીરી સુંદર રીતે પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તથા જે બી.એલ.ઓ.એ વિશેષ તકનીક અને કયા પ્રકારે ઝડપથી કામગીરી પૂર્ણ કરી તે અંગેની જાણકારી અન્ય બુથ લેવલ ઓફિસર્સને આપી તેમની કામગીરીમાં સહયોગી થવા માટે જણાવ્યું હતું.જામનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતવિભાગ પૈકી ૭૬-કાલાવડ માંથી રૂટ નં.૧૩ના સુપરવાઈઝર ભીખાભાઈ પીઠીયા તથા ૧૩૪-ડાંગરાના બી.એલ.ઓ. રોહિત બાંભવા, ૧૦૦-ધ્રોલ-૭ના બી.એલ.ઓ. ગુલામમદોયુદીન પઠાણ, ૧૯૯-કાલાવડ-૧૯ના બી.એલ.ઓ. સંજયકુમાર કામાણી, ૭૭-જામનગર (ગ્રામ્ય) વિધાનસભા મતવિભાગ માંથી રૂટ નં.૭ ના સુપરવાઈઝર ડૉ.સુનિલ લોહિયા તથા ૨૪૬-ચંદ્રગઢના બી.એલ.ઓ. જીતેન્દ્ર ચોવટીયા, ૩૦-વાવડીના બી.એલ.ઓ. ભાવિક ડી.પટેલ, ૭૮-જામનગર (ઉત્તર) વિધાનસભા મતવિભાગના રૂટ નં.૧૬ના સુપરવાઈઝર કેતન ધોળકિયા તથા ૧૫૩-ગુલાબનગરના બી.એલ.ઓ. રમેશભાઈ બાબરિયા, ૧૫૧-ગુલાબનગરના બી.એલ.ઓ. મયુરભાઈ ખાણધર, ૭૯-જામનગર (દક્ષીણ) વિધાનસભા મતવિભાગ પૈકી રૂટ નં.૧૦ના સુપરવાઈઝર ભાવિક મેઘાણી તથા ૧૧૩-મહાલક્ષ્મી ચોકના બી.એલ.ઓ.બાદી ગુલામમહ્યુદીન, ૮૧-રણજીતરોડના બી.એલ.ઓ. રામચંદ્ર લાખાણી, ૮૦-જામજોધપુર વિધાનસભા મતવિભાગના રૂટ નં.૨૪ના સુપરવાઈઝર સી.જે.સુરેજા અને ૧૦૦-ગોદાવરીના બી.એલ.ઓ. નિર્મળાબેન મહેતા, ૨૧૫-ગીંગણી-૨ના બી.એલ.ઓ. વારસંકિયા અજયભાઈને જિલ્લા ચૂંટણી અધિકારી તથા મતદાર નોંધણી અધિકારીઓના હસ્તે પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરી તેમની કામગીરી બિરદાવવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેકટર બી.એન.ખેર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી આદર્શ બસર, મતદાર નોંધણી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં ૮-૯ જાન્યુઆરીએ યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ અંતર્ગત

## કલેકટર કેતન ઠક્કરની અધ્યક્ષતામાં જામનગરના ઉદ્યોગકારો સાથે બેઠક યોજવામાં આવી




**મુખ્ય સમાચાર, જામનગર**

ગુજરાત સરકાર દ્વારા વિકસિત ભારત @2047 ના વિઝનને ધ્યાનમાં રાખીને રાજ્યના ચાર અલગ-અલગ વિસ્તારોમાં વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (VGRC) નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કોન્ફરન્સનો મુખ્ય હેતુ સેક્ટર-સ્પેસિફિક રોકાણ, ક્ષેત્રીય ઉદ્યોગ વિકાસ અને વૈશ્વિક સ્તરે સહભાગિતાને પ્રોત્સાહન આપવાનો છે.આગામી VGRC -કચ્છ અને સૌરાષ્ટ્ર રીજન કોન્ફરન્સનું આયોજન રાજકોટ ખાતે ૮--૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ કરવામાં આવશે.આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં જામનગર જિલ્લામાંથી વધારેમાં વધારે ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે તમામ ઉદ્યોગો, MSMEs, એસોસિએશન્સ, સ્ટાર્ટઅપ્સ તથા યુવા ઉદ્યોગકારોને વ્યાપક રીતે જોડાઈ શકે અને વિવિધ ઈવેન્ટમાં ભાગ લઈ શકે તે માટે કલેકટર કેતન ઠક્કરની અધ્યક્ષતામાં કલેકટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લાના વિવિધ ઉદ્યોગકારો અને પ્રમુખો તથા હોદ્દેદારો સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.રાજકોટ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં B2B, B2G મીટીંગો, વેન્ડર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ અને રીવર્સ બાયર્સ સેલેર્સ મીટ, સ્ટોલ પ્રદર્શન, એમઓયુ, ટ્રેડ શો અને એક્ઝીબીશન, સંસ્કૃતિક પ્રોગ્રામ,વિવિધ વિષયો પર સેમીનાર વગેરે યોજવામાં આવશે. જેમાં જામનગર જિલ્લાના બ્રાસ ઈન્ડસ્ટ્રીઝના તથા અન્ય ઉદ્યોગકારો ભાગ લે અને https://www.vibrantgujarat.com/registration લીંક પર રજીસ્ટ્રેશન કરાવવા જણાવવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નું, નિવાસી અધિક કલેકટર બી.એન.ખેર, ડેપ્યુટી મ્યુનીસીપલ કમિશ્નર ઝાલા, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના નાયબ ઉદ્યોગ કમિશ્નર અને જનરલ મેનેજર પ્રકાશ પટેલ, ઉદ્યોગકારો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર મનપા દ્વારા એઈડ્સ અંતર્ગત જાગૃતિ રેલી અને અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે જામનગર મહાનગરપાલિકા અને સરકારી નર્સિંગ કોલેજ દ્વારા જાગૃતિ રેલી અને અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સરકારી નર્સિંગ કોલેજ ખાતે યોજાયો હતો. આ સેશનમાં સીટીએચઓ ડો. પલક ગણાત્રાએ નર્સિંગ વિદ્યાર્થીઓને એચઆઈવી વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે IMA અને NMOCON જામનગરના પ્રમુખ ડો. કુણાલ મહેતા, પ્રિન્સિપાલ ચૌહાણ, પ્રોફેસર વાઢેર અને વૈશાખીબેન ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં સર્વોદય અને શ્રમજીવી T.I. પ્રોજેક્ટ, S.S.K. પ્રોજેક્ટ, સુભિક્ષા પ્રોજેક્ટ, ICTC અને PPTCTના સ્ટાફ મિત્રો પણ હાજર રહ્યા હતા. IMA-NMO-CONના વિદ્યાર્થીઓ દ્વારા એક ડ્રામા-સ્કીટ પણ રજૂ કરવામાં આવી હતી.નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકો, NTEP-JMCના તમામ સ્ટાફ તથા નવાગામ આરોગ્ય કેન્દ્રના મેડિકલ ટીમના સ્ટાફ દ્વારા સ્લમ વિસ્તારમાં જનજાગૃતિ રેલી કાઢવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ દિશા DAPCU રાજકોટના માર્ગદર્શન હેઠળ, જામનગર મહાનગરપાલિકાના કમિશનર ડી.એન. મોદી, ડેપ્યુટી કમિશનર ડી.એ. ઝાલા, એમઓએચ ડો. હરેશ ગોરી અને સીટીએચઓ ડો. પલક ગણાત્રાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

# મોરબી મનપાના ટીપી વિભાગ દ્વારા હોસ્પિટલોમાં SOP મુજબની તપાસ પૂર્ણ

## તૃટીઓ ધરાવતી હોસ્પિટલોને નોટિસ ફટકાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના સુવ્યવસ્થિત વિકાસ અને નાગરિકોની સુરક્ષા હેતુસર ટાઉન પ્લાનિંગ વિભાગે શહેરની કુલ ૧૩૧ હોસ્પિટલોની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર મુજબ તપાસ કરી ખામીવાળી હોસ્પિટલોને નોટિસ પાઠવી છે. સાથે જ ગૃડા-૨૦૨૨ અંતર્ગત અનધિકૃત બાંધકામોને કાયદેસર કરવાની અરજી કરવાની છેલ્લી તારીખ ૧૭ ડિસેમ્બર ૨૦૨૫ જાહેર કરી છે. તાજેતરમાં વિવિધ ઝોનિંગ, બાંધકામ અને વિકાસ પરવાનગીઓને પણ મંજૂરી આપવામાં આવી છે. મોરબી મહાનગરપાલિકા ટાઉન પ્લાનિંગ વિભાગ શહેરના સર્વાંગી, સુનિયોજિત અને સુરક્ષિત વિકાસ માટે સતત મહત્વપૂર્ણ કામગીરી કરી રહ્યું છે. શહેરના હોસ્પિટલ ક્ષેત્રને વધુ મજબૂત, નિયમસર અને સુરક્ષિત બનાવવા હેતુસર મહાનગરપાલિકા વિસ્તારની કુલ ૧૩૧ હોસ્પિટલોની SOP મુજબની સંપૂર્ણ ભૌતિક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ ઈન્સ્પેકશન દરમિયાન SOP હેઠળની આવશ્યકતાઓ જેમ કે, ઈમરજન્સી પ્રતિભાવ વ્યવસ્થા, ફાયર સેફ્ટી સાધનો, બિલ્ડિંગની સ્ટ્રક્ચરલ સલામતી, પાર્કિંગ સુવિધા, જરૂરી લાયસન્સ તથા પ્રમાણપત્રો વિસ્તૃત રીતે ચકાસવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન SOP મુજબ જરૂરી દસ્તાવેજોની ખામી અથવા ત્રૂટીઓ જોવા મળતા હોસ્પિટલ સંચાલકોને નોટિસો પાઠવી નિયમસર સુધારા માટે નિર્ધારિત સમયમર્યાદા આપવામાં આવી છે. આ ઉપરાંત ગૃડા-૨૦૨૨ હેઠળ અનધિકૃત બાંધકામોને કાયદેસર કરવાની યાદી મુજબ મહાનગરપાલિકા દ્વારા ગૃડા-૨૦૨૨ એક્ટ મુજબ અનધિકૃત બાંધકામોને કાયદેસર કરવા માટે અરજીઓ સ્વીકારવાની પ્રક્રિયા ચાલુ છે. અરજદારોને નકશા, દસ્તાવેજો અને ફી સાથે અરજી કરવાની રહેશે. આ અરજી કરવાની છેલ્લી તારીખ ૧૭ ડિસેમ્બર ૨૦૨૫ બાદ કોઈ અરજી સ્વીકારવામાં આવશે નહીં, તે અંગે મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને યાદી અપાઈ છે. આ સિવાય ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા ગયા અઠવાડિયામાં સમસ્ત ઝોનિંગ સર્ટિફિકેટ્સ જારી કરવામાં આવ્યા છે, ૩ બાંધકામ મંજૂરીઓ (Building Permission), ૨ વિકાસ પરવાનગીઓ (Development Permission), ગૃડા-૨૦૨૨ની ૪ અરજીઓને કાયદાકીય પ્રક્રિયા અનુસરી મંજૂરી આપવામાં આવી છે.

# જય ભગવતી એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમૂહ લગ્નોત્સવ યોજાશે

**મુખ્ય સમાચાર, જામનગર**





કન્વીનર આનંદભાઈ આર. રાઠોડ કોર્પોરેટર વોર્ડ નં.૧૫.પ્રમુખ, જય ભગવતી એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ જિલ્લા અનુસુચિત જાતિ સમાજ સમૂહ લગ્ન સમિતિ દ્વારા આગામી તા. ૫-૧૨-૨૦૨૫ના દિને શુભ લગ્ન સ્થળઃ ઓશવાળ સેન્ટર. સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અનુસુચિત જાતિ સમાજ સમુહલગ્ન આયોજન સમિતિ દ્વારા ૧૧ યુગલો લગ્નગ્રંથીથી જોડાશે.

# શિયાળાની ઋતુમાં ભૂખમાં વધારો થાય, સાથે મેદસ્વિતામાં પણ વધારો થાય છે

## શિયાળામાં વધુ પડતા ખોરાક લેવાથી વજનમાં વધારો થાય છે તેને કસરતથી અટકાવી શકાય છે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શિયાળાની ઋતુ આવે એટલે ઠંડી હવા સાથે માણસની ભૂખ પણ બમણી થઈ જાય છે. સવારે ગરમ ગરમ ગાજરનો હલવો,દિવસે ઘીમાં તરબોળ રોટલી અને રાત્રે ઉંઘતાં પહેલાં એકાદ ગ્લાસ ગરમ દૂધમાં બદામ-પિસ્તા નાખીને પીવાની ઈચ્છા થાય.આ બધું સ્વાભાવિક લાગે છે, પણ આ જ ઋતુમાં સૌથી વધારે લોકોનું વજન વધે છે અને મેદસ્વીતાનો ભોગ બને છે.શિયાળામાં શરીરનું તાપમાન જાળવી રાખવા માટે શરીર વધારે કેલરી બાળે છે. આ માટે મગજને સિગ્નલ મળે છે કે વધારે ખાઓ. ઉપરાંત દિવસ ટૂંકા થઈ જાય છે, સૂર્યપ્રકાશ ઓછો મળે છે, જેનાથી સેરોટોનિન હોર્મોન ઘટે છે અને મૂડ ડાઉન થાય છે. આનો ઉપાય માણસ મીઠું, ચીઝવાળું કે ઘી-તેલવાળું ભોજન લઈને કરે છે, કારણ કે આ બધું ખાવાથી તરત જ આનંદ થાય છે. પરિણામે શિયાળામાં ગાજર,ગુંદ,લાડુ,ઉંધિયું,મેથીપાક જેવા ઉચ્ચ કેલરીવાળા પદાર્થોનું સેવન વધી જાય છે.પરંતુ બીજી બાજુ જોઈએ તો શિયાળો એટલે તાજી લીલી ભાજીઓથી ભરપૂર છે.મેથી, પાલક, સરસવ, લીલા ધાણા, લીલો લસણ, ફ્લાવર, ગાજર, શક્કરિયા, વટાણા આ બધું શિયાળામાં સૌથી સસ્તું અને પોષ્ટિક મળે છે. આ ભાજીઓ ફાઈબર, વિટામિન અને એન્ટીઑક્સિડન્ટથી ભરપૂર હોય છે, જે ભૂખ કંટ્રોલ કરે છે, પેટ લાંબો સમય ભરેલું રાખે છે અને ચરબી ઓછી કરે છે. દરરોજ એક વાટકી મેથી-પાલકનું શાક કે ગરમ સૂપ લેવાથી ઘી-તેલવાળા લાડુ-ઉંધિયાની ઈચ્છા ઘટે છે. ઠંડીમાં ગરમાહટ પણ મળે, રોગપ્રતિકારક શક્તિ વધે અને





વજન પણ નિયંત્રણમાં રહે.બીજું મહત્વનું કારણ છે શારીરિક પ્રવૃત્તિમાં ઘટાડો. ઠંડીમાં વહેલી સવારે ઊઠીને વૉકિંગ કે વ્યાયામ કરવાનું મન નથી થતું. ઘરમાં ગરમ ક્વિલ્ટમાં દબાઈને બેસી રહેવું વધારે આરામદાયક લાગે છે. આ બધાનું પરિણામ એ આવે છે કે ખાધેલી વધારાની કેલરી બળવાને બદલે ચરબી તરીકે સંગ્રહાય છે અને પેટ, કમર તથા જાંઘ પર ચરબીના નવા થર ચડી જાય છે.શિયાળામાં પણ વજન ન વધે તે માટે થોડી સમજણ અને નિયમન જરૂરી છે.પ્રથમ તો ગરમ ખોરાક ખાવો જરૂરી છે, પણ ઘી-ખાંડનું પ્રમાણ ઘટાડી શકાય. દાળ-શાક-રોટલીમાં ઘી ઓછું કરીને પણ ગરમાહટ મળે છે.ગજર-ગુંદના લાડુ ખાવા હોય તો ખાંડને બદલે ખજૂર કે શેરડીનો ખાંડુ વાપરી શકાય.દરરોજ ઓછામાં ઓછા ૩૦-૪૦ મિનિટ ચાલવું કે ઘરમાં જ વ્યાયામ કરવો જરૂરી છે. ઠંડીમાં વ્યાયામ કરવાથી શરીરની ગરમી પણ વધે છે.પાણી ઓછું પીવાય છે એ પણ વજન વધારે છે. શિયાળામાં પણ દિવસમાં ૮-૧૦ ગ્લાસ પાણી ગરમ કે નાર્મલ.પીવું જોઈએ.રાત્રે ભારે જમવાને બદલે હળવો ખોરાક સૂપ, સલાડ, દાળ-ભાત લેવો.

શિયાળો એ આનંદની ઋતુ છે, ખાવા-પીવાની ઋતુ છે, પણ થોડી સભાનતાથી આ આનંદને મેદસ્વીતાના શોકમાં ફેરવવાની જરૂર નથી. ગરમ ખોરાક લો,પણ લિમિટમાં ગરમ કપડાં પહેરો, પણ શરીરને કસરત પણ આપો એટલે શિયાળો પૂરો થાય ત્યારે કપડાં ટાઈટ નહીં, ફીટ જ રહેશે..

# મોરબી જીલ્લાના ૪૩ હજાર અસરગ્રસ્ત ખેડૂતોને રૂ.૧૪૪ કરોડથી વધુની સહાય ચૂકવાઈ

## કૃષિ રાહત પેકેજ ઓક્ટોબર-૨૦૨૫ અન્વયે સરકારની ખેડૂતો પ્રત્યે સંવેદનશીલ કામગીરીઃ મોરબીમાં સહાય મેળવવા હાલ કુલ ૧.૨૨ લાખ ખેડૂતોએ અરજી કરી; બાકી ખેડૂતોએ ૫ ડિસેમ્બર સુધીમાં સત્વરે અરજી કરવા વહિવટી તંત્રનો અનુરોધ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ઓક્ટોબર માસમાં થયેલા વરસાદના કારણે નુકસાન પામેલ ખેતી પાકો માટે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા કૃષિરાહત પેકેજ ઓક્ટોબર ૨૦૨૫ અંતર્ગત મોરબી જીલ્લામાં સહાય ચૂકવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. માત્ર અઠવાડિયાના ટૂંકા ગાળામાં જ હજારો ખેડૂતોના ખાતામાં કરોડો રૂપિયા જમા થઈ ચૂક્યા છે. ૪૨,૯૬૪ ખેડૂતોને ૧૪૪ કરોડથી વધુની નાણાકીય સહાય ચુકવવામાં આવી છે. જમા કરી દેવામાં આવ્યા છે.

તા. ૧૪/૧૧/૨૦૨૫ થી તા. ૨૯/૧૧/૨૦૨૫ સુધીમાં જીલ્લાભરમાંથી કુલ ૧,૨૨,૪૭૧ જેટલી ખેડૂતો ખાતેદારો દ્વારા પાક નુકસાની સહાય મેળવવા માટે અરજીઓ કરવામાં આવી છે. ત્યાર બાદ ખેડૂતો અરજી કરવામાં બાકી ન રહી જાય તે હેતુથી સરકાર દ્વારા વધુ ૭ દિવસ એટલે ૦૫-૧૨-૨૦૨૫ સુધી સમય મર્યાદા વધારી દેવામાં આવી છે. જીલ્લા વહીવટી તંત્ર દ્વારા રાત દિવસ કામગીરી કરી આજ દિન સુધીમાં ૪૨,૯૬૪ ખેડૂતોના બેંક ખાતામાં કુલ રૂ. ૧૪૪ કરોડથી વધુ જમા કરી દેવામાં આવ્યા છે. વધુમાં ઘણી અરજીઓમાં ખેડૂતોની સહી બાકી હોય અથવા સંયુક્ત ખાતેદારોના કિસ્સામાં અન્ય ખાતેદારોને સંમતિ બાકી હોવાનું ધ્યાને આવ્યું છે. આવા ખેડૂતોને તેમની અરજીમાં રહેલ ક્ષતિ સુધારવા અને સાધનિક કાગળો જે તે વીસીઇ/ગ્રામસેવક કે તલાટી કમ મંત્રીને વહેલી તકે પહોંચાડવા અનુરોધ કરવામાં આવ્યો છે, જેથી સહાય ચૂકવવામાં વિલંબ ન થાય. વધુ માહિતી માટે ખેડૂતો પોતાના વિસ્તારના ગ્રામ સેવક/તલાટી કમ મંત્રી તથા વિસ્તરણ અધિકારીનો સંપર્ક કરી શકે છે.

જીલ્લા ખેતીવાડી અધિકારીએ તમામ ખેડુતોને વિનંતી કરી છે કે, જે ખેડૂતોને કૃષિ રાહત પેકેજ અંતર્ગત સહાય મેળવવા અરજી કરવાની બાકી છે તે ઝડપથી સંબંધિત ગામના વીસીઈ અથવા ગ્રામસેવકનો સંપર્ક કરી અરજી કરી નાખે તથા જે ખેડૂતોની અરજીઓમાં કાગળો બાકી છે તેઓ વહેલી તકે પૂર્ણ કરી દે. ઘણી અરજીઓમાં ખેડૂતની સહી કે સંયુક્ત ખાતેદારોની સંમતિ ગેરહાજર જોવા મળી છે. આવી બધી અરજીઓમાં ખામીઓ દૂર કરી જરૂરી આધાર પુરાવા ગ્રામસેવક અથવા તલાટી કમ મંત્રી પાસે તુરંત જમા કરવા જણાવ્યું છે. આમ કરવાથી સહાયની ચુકવણીમાં વિલંબ ટળશે અને ખેડૂતોને ઝડપથી નાણાકીય રાહત મળી શકશે.

# આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ નિમિતે રાજકોટ ખાતે વિશેષ સન્માન સમારોહ યોજાયો ૧૯ દિવ્યાંગજનો-સંસ્થાઓનું અદકેરું સન્માન કરાયું

### નૃત્યસભર અભિવ્યક્તિથી ઉપસ્થિતોના મન મોહી લેતા દિવ્યાંગો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તમામ પ્રકારની દિવ્યાંગતાના સહજ સ્વીકાર સાથે દિવ્યાંગોનું સમાજના મુખ્ય પ્રવાહમાં પુનઃસ્થાપન કરવાના ઉદ્દેશ્યથી માનસિક ક્ષતિવાળા બાળકોના ગૃહ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે આંતરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસની ઉજવણી કરાઇ હતી.

આ કાર્યક્રમમાં દિવ્યાંગોએ વિવિધ ગીતો ઉપર નૃત્યસભર અભિવ્યક્તિ કરીને ઉપસ્થિતઓના મન મોહી લીધા હતા. સમાજમાં દિવ્યાંગજનો દ્વારા વિવિધ ક્ષેત્રોમાં પ્રાપ્ત કરવામાં આવેલી સિદ્ધિઓનું ગૌરવ વધારવા શિક્ષણ, કલા, રમત-ગમત, સામાજિક સેવા અને સ્વરોજગારી ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરનાર કુલ ૧૯ વ્યક્તિઓ અને સંસ્થાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉત્મભાઈ મારૂ, કમલેશભાઈ માળવી, ડૉ. પ્રકાશ કાગડા, ગોપાલભાઈ કંથારિયા, ડૉ. દેવ્યાની વછરાજાની, સોનલ વસોયા વગેરેનું આ કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું હતું. સામાજિક સેવા અને પુનઃસ્થાપન ક્ષેત્રે યોગદાન બદલ અંધજન કલ્યાણ મંડળ, રાજકોટ, એકરંગ ચાઈલ્ડ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ, જિનિયસ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, બહેરા-મૂંગા બાળકો માટે કાર્યરત શાળાઓ,ધનવંતરી આરોગ્ય માનવ કલ્યાણ ટ્રસ્ટ,મા શારદા સેરેબ્રલ પલ્સી વિભાગ, બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટ, મધર ટેરેસા આશ્રમ, સ્નેહ નિર્ઝર સહિતની અનેક સંસ્થાઓને સન્માનિત કરવામાં આવી હતી.

વિશ્વભરમાં દર વર્ષે ૦૩ ડિસેમ્બરને ''આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. આ અવસરે, ગુજરાત સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તથા સમાજ સુરક્ષા વિભાગ, રાજકોટના સંયુક્ત ઉપક્રમે નિવાસી અધિક કલેકટર એ.કે.ગૌતમની ઉપસ્થિતિમાં દિવ્યાંગ ભાઈઓ-બહેનોના વિશેષ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રામકૃષ્ણ આશ્રમના સ્વામી ધર્મપાલ નંદજી, પ્રયાસ પેરેન્ટ્સ એસોસિએશનના પૂજા પટેલ, બોલબાલા ટ્રસ્ટના પ્રમુખ જયેશભાઈ ઉપાધ્યાય, નવશક્તિ સંસ્થાના રાની સિસ્ટર, વી. ડી. પારેખ અંધ મહિલા ગૃહના ટ્રસ્ટી હીનાબેન મોદી, બહેરા મૂંગા શાળાના ટ્રસ્ટી રજનીભાઈ બાવીસી તથા નરેન્દ્રભાઈ દવે સહિતના અગ્રણીઓ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી પ્રાર્થના શેરસીયા તેમજ ઉપરોક્ત તમામ સંસ્થાઓના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, કર્મચારીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આરપીએફ રાજકોટ ડિવિઝનની મોટી સિદ્ધિઃ એક માસમાં ૩૧ મુસાફરોના કુલ રૂ. ૬.૧૭ લાખ કિંમતના સામાન સુરક્ષિત પરત આપ્યા

### વિવિધ અભિયાનોમાં આરપીએફનું સરાહનીય પ્રદર્શન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલ્વેએના રાજકોટ ડિવિઝનમાં રેલવે સુરક્ષા દળ (આરપીએફ) દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા, રેલવે પરિસરમાં તેમજ મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને રેલવે સંપત્તિનું રક્ષણ કરવા સતત ઉત્તમ કાર્ય કરવામાં આવી રહ્યું છે.

''સેવા હી સંકલ્પ'' અભિયાન અંતર્ગત ૧ નવેમ્બર ૨૦૨૫ થી ૩૦ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન આઈજી-સહ-પ્રધાન મુખ્ય સુરક્ષા કમિશનર અજય સદાનીના માર્ગદર્શન અને ડિવિઝનલ સુરક્ષા કમિશનર કમલેન્દ્ર સિંહના દિશા-નિર્દેશન હેઠળ આરપીએફે લક્ષણિય સિદ્ધિઓ હાંસલ કરી છે.

નવેમ્બર મહિનામાં કરવામાં આવેલી મુખ્ય કાર્યવાહી નીચે મુજબ છે.

(૧) ઓપરેશન અમાનત આરપીએફે મુસાફરો દ્વારા



મુસાફરી દરમિયાન વિવિધ ટ્રેનો/સ્ટેશનો પર ભૂલથી છૂટેલા ૩૧ મુસાફરોના રૂ. ૬.૧૭ લાખ કિંમતના સામાનને સુરક્ષિત રીતે તેમના માલિકોને પરત આપ્યા.

(૨). ઓપરેશન નન્હેં ફરિશ્તે આ અભિયાન હેઠળ આરપીએફે ૨ બાળકોને સલામત રીતે તેમના વાલી-માતા-પિતા સુધી પહોંચાડ્યા.

(૩) ઓપરેશન રેલ સુરક્ષા રેલ્વે સંપત્તિ ચોરીના બનાવોમાં ૨ આરોપીઓને ઝડપીને તેમના વિરૂદ્ધ જરૂરી કાનૂની કાર્યવાહી કરવામાં આવી.

(૪) ઓપરેશન સમય પાલન ટ્રેનોમાં ગેરકાયદેસર ચેઈન ખેંચવાથી મુસાફરીને અસરકારક બનાવનારાઓ વિરૂદ્ધ કરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત આરપીએફે ૩૦ કેસ નોંધ્યા, જેમાં ૧૩ આરોપીઓને ઝડપી રેલવે અધિનિયમ હેઠળ કાર્યવાહી કરાઈ.

(૫) ઓપરેશન ઉપલબ્ધ રેલવે ટિકિટોની કાળા બજારી અટકાવવા માટે ચલાવવામાં આવેલા અભિયાનમાં ૨ લોકોને પકડીને તેમના વિરૂદ્ધ કાનૂની કાર્યવાહી કરવામાં આવી.

(૬) ઓપરેશન જનજાગૃતિ મુસાફરો અને સ્થાનિક નાગરિકોમાં જાગૃતિ વધારવા માટે તમામ પોસ્ટ/ચોકીઓ દ્વારા બેનો લગાવાયા, પીએ સિસ્ટમ દ્વારા જાહેરાતો કરવામાં આવી અને ગામના સરપંચો/પ્રમુખો સાથે બેઠક યોજાઈ, જેથી લોકો રેલ્વે લાઈન ન ક્રોસ કરે, ટ્રેનો પર પથ્થરબાજી ન કરે, નશાખોરી, મહિલા સુરક્ષા, માનવ વપરાશ જેવી બાબતો અંગે જાગૃતિ ફેલાય.

# પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરે મોરબી--જામનગર રેલવે ખંડનું વાર્ષિક સેફટી નિરીક્ષણ કર્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર વિવેક કુમાર ગુપ્તાએ ૩ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ રાજકોટ ડિવિઝનના મોરબી-જામનગર રેલવે ખંડનું વાર્ષિક સેફટી નિરીક્ષણ કર્યું. આ દરમિયાન, તેમણે આ રેલવે ખંડમાં સેફટી અને સુરક્ષા ધોરણો, માળખાકીય વિકાસના કાર્યો, મુસાફરોની સુવિધાઓ, કર્મચારીઓ માટે ઉપલબ્ધ સુવિધાઓ અને અન્ય પ્રગતિના કાર્યોનું વિગતવાર મૂલ્યાંકન કર્યું. જનરલ મેનેજરની સાથે વિવિધ વિભાગોના મુખ્ય વિભાગીય વડાઓ, રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીના, અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ પણ હાજર રહ્યા હતા.

પોતાના વાર્ષિક સેફ્ટી નિરીક્ષણ દરમિયાન, શ્રી ગુપ્તાએ લેવલ ક્રોસિંગ, મહત્ત્વપૂર્ણ મોટા અને નાના પુલો, સેક્શનલ સ્પીડ ટ્રાયલ, પોઈન્ટ અને ક્રોસિંગ સહિત વિવિધ સેફ્ટી તત્ત્વોનું ઊંડું નિરીક્ષણ કર્યું અને તેમણે મોરબી, રાજકોટ અને જામનગર સ્ટેશનો પર ઉપલબ્ધ મુસાફર સુવિધાઓનો પણ વિગતવાર તાગ મેળવ્યો.

મોરબીમાં, તેમણે રેલવે સ્ટેશન ઉપરાંત ઈલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગ બિલ્ડિંગ, રિલે રૂમ, ગાર્ડ અને ડ્રાઈવરોના રનિંગ રૂમ, કોમ્યુનિટી હોલ, ટ્રેડર્સ રૂમ, ગુડ્સ શેડ અને ઇલેક્ટ્રિફિકેશન સંબંધિત ઓવરહેડ ઇક્વિપમેન્ટ ડેપોનું નિરીક્ષણ કર્યું.



રાજકોટમાં, ગુપ્તાએ રેલવે સ્ટેશન ઉપરાંત લોબી, રેલવે કોલોની અને રેલવે ક્રિકેટ ગ્રાઉન્ડના પેવેલિયનનું નિરીક્ષણ કર્યું. આ પ્રસંગે તેમણે માન્યતા પ્રાપ્ત ટ્રેડ યુનિયનોના પ્રતિનિધિઓ સાથે પણ મુલાકાત કરી.

રાજકોટ-હડમતિયા ખંડ વચ્ચે ૧૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે સ્પીડ ટ્રાયલ રન કરવામાં આવ્યો. જાળિયાદેવાણીમાં તેમણે રેલવે કોલોનીનું નિરીક્ષણ કર્યું અને હાપા-જામનગર સેક્શનનું વિન્ડો ટ્રેઈલિંગ નિરીક્ષણ પણ કર્યું.

જનરલ મેનેજરે મુસાફરોની સેફટીને સર્વોચ્ચ પ્રાથમિકતા ગણાવતાં સંબંધિત અધિકારીઓને ટ્રેક, સમપાર ફાટકો અને અન્ય સેફ્ટી ધોરણોની વિગતવાર સમીક્ષા કરીને જરૂરી દિશાનિર્દેશો આપ્યા, જેથી ટ્રેન સેવાઓ વધુ સુરક્ષિત, વિશ્વસનીય અને સમયસર સંચાલિત કરી શકાય.

# જિલ્લા કક્ષા બાળ નાટ્ય અને બાળ નૃત્ય નાટિકા'' સ્પર્ધામાં ભાગ લેવા માગતા બાળકોને અરજી કરવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા ''જિલ્લા કક્ષા બાળ નાટ્ય અને બાળ નૃત્ય નાટીકા'' સ્પર્ધા ૨૦૨૫-૨૬નું આયોજન કરવામાં આવશે. જેમાં ભાગ લેવા ઈચ્છતા રાજકોટ શહેર અને ગ્રામ્યનાં ૦૭થી ૧૩ વર્ષ સુધીના બાળકોએ તા.૧૦-૧૨-૨૦૨૫ સુધીમાં નિયત નમૂના મુજબનું અરજી ફોર્મ સંપૂર્ણ વિગત સાથે ભરીને બાળ કલાકારોનાં આધારકાર્ડ/જન્મનાં પ્રમાણપત્રની નકલ સાથે પ્રતિ, જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રાજકોટ ગ્રામ્ય, ૫/૫, બહુમાળી ભવન, રેસકોર્ષ રોડ, રાજકોટના સરનામાં પર રૂબરૂ અથવા ટપાલથી મારફત મોકલી આપવાનું રહેશે. નિયત સમય મર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી. બાળ નાટ્ય અને બાળ નૃત્ય નાટીકા એમ બન્ને સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા થયેલ કૃતિને રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જવાનું રહેશે. જન્મ તારીખની ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિને ધ્યાને લેવાની રહેશે. તેમ રાજકોટ જિલ્લા યુવા વિકાસ અધિકારી એચ.વી.દિહોરાની યાદીમાં જણાવાયું છે.

# મોરબીમાં શિક્ષિકાનું શોષણ અને બિભત્સ વિડીયો વાયરલના કેસમાં પૂર્વ શિક્ષક સંઘ પ્રમુખને ૧૦ વર્ષની સજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબીની શિક્ષિકાને લગ્નના ખોટા વાયદા આપી શરીર સંબંધ બાંધી, બિભત્સ વિડીયો બનાવી સગા સંબંધીઓને મોકલી તેના લગ્નમાં ભંગાણ પાડી ધમકીઓ આપનાર મોરબી જીલ્લા શિક્ષક સંઘના પૂર્વ પ્રમુખ વિજયભાઈ સરડવાને ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા ૧૦ વર્ષની સજા અને રૂ. ૫.૨૦ લાખ વળતર આપવાનો હુકમ કરવામાં આવ્યો છે.

મોરબીમાં શિક્ષિકા સાથે છેતરપિંડી, શારીરિક શોષણ અને માનહાનિનો ગંભીર કેસ વર્ષોથી ચર્ચામાં રહ્યો હતો. આ કેસમાં મોરબી જીલ્લા શિક્ષક સંઘના પૂર્વ પ્રમુખ વિજયભાઈ કેશવજીભાઈ સરડવા રહે.રવાપર રોડ બોની પાર્ક, ધરતી ટાવર વાળાએ પીડિતા શિક્ષિકા સાથે આરોપી વિજયભાઈએ ૨૬/૦૧/૨૦૧૭ થી ૨૮/૦૨/૨૦૧૮ વચ્ચે મિત્રતા કેળવી હતી. પોતાની પત્ની સાથે છૂટાછેડા



લઈ અને પોતે લગ્ન કરશે એવા ખોટા વાયદાઓ કરીને આરોપીએ પીડિતાને રાજકોટના ફલેટમાં લઈ જઈ અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. આ દરમ્યાન તેણે ગુપ્ત રીતે બિભત્સ વિડીયો ક્લિપ્સ તથા ફોટા ઉતાર્યા હતા અને બાદમાં આ ફોટા-વિડીયો પીડિતાના સગા-સંબંધીઓને વોટ્સએપ દ્વારા મોકલી તેના સગાઈ અને લગ્નજીવનમાં ભંગાણ પાડી માનહાનિ કરી હતી. વધુમાં, પીડિતાને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી પણ આપેલ હતી.

ત્યારે સમગ્ર બનાવ મામલે શિક્ષિકાએ મોરબી સિટી એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા ગુનો નોંધાયો હતો. આ કેસની તપાસમાં તત્કાલીન એ ડિવિઝન પીઆઇ આર.જે.ચૌધરી તથા તેમના રાઇટર મહેન્દ્રસિંહ ઝાલા એ.એસ.આઇ તથા વિજયભાઈ ચાવડા પોલીસ હેડ કોન્સ તથા ફતેસિંહ પરમાર પોલીસ કોન્સ્ટેબલનાઓએ કરી આરોપી વિરુદ્ધ મજબૂત ચાર્જશીટ તૈયાર કરી હતી. જે બાદ આ કેસ મોરબી અધિક જીલ્લા અને સેશન્સ જજ કે.આર. પંડ્યા સાહેબની ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટમાં ચાલી જતા જ્યાં સરકારી વકીલ એન.ડી. કારીયા દ્વારા અસરકારક રીતે કેસ રજૂ કરવામાં આવતા કોર્ટે આરોપી વિજયભાઈ કેશવજીભાઈ સરડવાને તમામ મુદ્દાઓમાં દોષિત ઠેરવીને ૧૦ વર્ષની કેદ અને રૂ. ૫.૨૦ લાખના દંડની સજા ફટકારવામાં આવી છે. દંડમાંથી મળેલ રકમ પીડિતાને વળતર રૂપે આપવા દાખલારૂપ ચુકાદો આપ્યો છે.

# ઉના પોલીસ સ્ટેશનમાં સાક્ષીની સુરક્ષામાં બેદરકારી દાખવતા બે પોલીસ કોન્સ્ટેબલ સસ્પેન્ડ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ઉના શહેરમાં ન્યાય કોર્ટ પાસે ગત ૨૮ નવેમ્બરના રોજ GJ-32-AG 8838 નંબરની થાર કારમાંથી એક હથિયાર મળી આવ્યું હતું. આ અંગે DYSP ચૌધરીને જાણ થતાં તેમણે તપાસ હાથ ધરી હતી. તપાસમાં જાણવા મળ્યું કે આ કાર વાંસોજના એડવોકેટ ધર્મેન્દ્રગીરી ગોસ્વામીની હતી.એડવોકેટ ધર્મેન્દ્રગીરી ગોસ્વામી કોર્ટના કામ અર્થે આવ્યા હતા. પૂછપરછ દરમિયાન તેમણે જણાવ્યું કે તેઓ ચકચારી અમિત જેઠવા હત્યા કેસમાં સાક્ષી હોવાથી હાઈકોર્ટના આદેશ અનુસાર તેમને પોલીસ પ્રોટેક્શન મળેલું છે.તપાસના અંતે, નવાબંદર પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા સતીષભાઈ જોધાભાઈ સોલંકી અને મનસુખભાઈ અરજણભાઈ ચાવડાએ તેમની ફરજમાં બેદરકારી દાખવી હોવાનું સામે આવ્યું. આ અંગેનો રિપોર્ટ જિલ્લા પોલીસ વડાને સુપરત કરાતા, તાત્કાલિક અસરથી આ બંને પોલીસ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે.

# મોરબી ટ્રેડ સેન્ટરનું રેલ્વે જનરલ મેનેજર દ્વારા ઉદઘાટન, ઉદ્યોગકારો અને પત્રકારોએ વિવિધ રજૂઆતો કરી



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી રેલ્વે સ્ટેશન ખાતે નવા બનેલા ટ્રેડ સેન્ટરના ઉદઘાટન પ્રસંગે હાજર રહેલા રેલ્વેના જનરલ મેનેજર વિવેક કુમાર ગુપ્તાને મોરબી સિરામિક ઉદ્યોગકારો અને પત્રકાર એસોસિયેશન તેમજ ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા મોરબી માટે લાંબા અંતરની ટ્રેનો, ફાટકનું વિસ્તરણ અને ટ્રાફિક સમસ્યાનો ઉકેલ જેવા મહત્વના મુદ્દાઓ પર ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. આ તમામ રજૂઆતો બાબતે રેલ્વે જનરલ મેનેજરે હકારાત્મક વલણ બતાવી મોરબીના પ્રશ્નોને પ્રાથમિકતાથી વિચારવાનું આશ્વાસન આપ્યું હતું.

મોરબી રેલ્વે સ્ટેશન ખાતે નવા બનેલા ટ્રેડ સેન્ટરનું આજે ભવ્ય ઉદઘાટન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજર વિવેક કુમાર ગુપ્તા મોરબી મુલાકાતે આવ્યા હતા. આ અવસરે મોરબી સિરામિક એસોસિયેશનના પ્રમુખ હરેશભાઈ બોપલીયા, સંદીપ કુંડારીયા, અજયભાઈ મારવણીયા તથા મોરબી ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ જયંતીભાઈ પટેલે ઉદ્યોગ જગત સામે ઊભા થતા મહત્વના પ્રશ્નો અંગે જનરલ મેનેજર સમક્ષ સચોટ અને મજબૂત રજૂઆત કરી હતી.

ઉદ્યોગકારોની મુખ્ય રજૂઆતોમાં મોરબી-રફાળેશ્વર પાસે આવેલ નંબર ૨૧ ફાટકને પહોળું કરવાની માંગ, મોરબી-હળવદ માર્ગે લાંબા અંતરની ટ્રેનો ચલાવવાની જરૂરિયાત, મોરબીમાં કાર્યરત અન્ય રાજ્યોના લાખો પરપ્રાંતીય મજૂરો માટે સીધી ટ્રેન સુવિધાઓ શરૂ કરવાની માંગ, ભુજ-બરેલી, કામખિયા સહિતની ટ્રેનોને વાયા મોરબી ચલાવવાની રજૂઆત, ટ્રાફિકની સમસ્યા દૂર કરવા રેલ્વે તરફથી અસરકારક પગલાં લેવાની માંગ કરી હતી. જ્યારે પત્રકાર એસોસિયેશનના પ્રમુખ સુરેશભાઈ ગોસ્વામી સહિતના પત્રકારો પણ રેલ્વે જીએમને આવેદન પત્ર આપ્યું છે જેમાં મોરબી માટે લાંબા અંતરની ટ્રેનોની વધારાની જરૂરિયાત, ભુજ-ગાંધીધામથી હળવદ થઈને ચાલતી ટ્રેનોને વાયા મોરબી દોડાવવા, મુંબઈ-અમદાવાદ ડેઈલી ટ્રેનને મોરબી રૂટ પર લાવવાની માંગ સાથે રજૂઆતો કરવામાં આવી સાથે સાથે પત્રકારો અને ઉદ્યોગકારોએ રેલ્વે જીએમ સમક્ષ સવાલ કર્યા હતા. કે, ''મોરબી સ્ટેશન પરથી દર મહિને ૫૦ કરોડની આવક થતી હોવા છતાં અહીંના લોકો સાથે અન્યાય કેમ?'', મોરબીનું નવું સ્ટેશન ૧૦ કરોડના ખર્ચે બનાવાયું, પરંતુ માત્ર મોરબી-વાંકાનેર વચ્ચેની ૨-બોગીની ડેમુ જ ચાલે છે, અન્ય યાત્રિક ટ્રેન સુવિધા લગભગ શૂન્ય ?, ''મોરબી સ્ટેશન માત્ર માલગાડીઓ માટે છે? મુસાફરો માટે નહીં?'' એવા સીધા પ્રશ્ન જનરલ મેનેજર સામે મુકવામાં આવ્યા હતા. હાલ રજુ થયેલા તમામ પ્રશ્નો સાંભળ્યા બાદ રેલ્વે જનરલ મેનેજરે હકારાત્મક વલણ દર્શાવ્યું અને મોરબી માટે જરૂરી ટ્રેન સુવિધાઓ પ્રદાન કરવા મુદ્દાઓ પર ગંભીરતાથી વિચારી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

# મોરબીમાં ડૉ. બાબાસાહેબના ૬૯માં મહાપરિનિર્વાણ દિવસે કેન્ડલ માર્ચ સાથે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી અનુસૂચિત જાતિ, મૂળનિવાસી સંઘ-મોરબી દ્વારા મહામાનવ ડૉ. બાબાસાહેબ આંબેડકરના ૬૯ મા મહાપરિનિર્વાણ દિન નિમિત્તે મોરબી શહેરમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ૬ ડિસેમ્બર ૨૦૨૫, શનિવારે સાંજના ૬.૩૦ વાગ્યે શરૂ થશે. કાર્યક્રમની શરૂઆત નહેરુ ગેટ ચોક પરથી થશે, જ્યાં પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. ત્યારબાદ મૌન કેન્ડલ માર્ચ યોજાશે અને અંતે મોરબી મહાનગરપાલિકા ખાતે કાર્યક્રમનું સમાપન થશે. કાર્યક્રમમાં કેન્ડલ પ્રગટાવવાની વિધી,




તેમજ ભારતીય બંધારણના આમુખનું વાચન પણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં અનુસૂચિત જાતિ અને બહુજન સમાજના અનુયાયીઓને સફેદ વસ્ત્રોમાં ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવી છે.

# મોરબી મનપાની પ્રાણી રંજાડ અંકુશ વિભાગની કામગીરી ૯ મહિનામાં ૧૬૩૨ પશુ પકડી ગૌશાળામાં મોકલાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા પ્રાણી રંજાડ અંકુશ શાખાએ માર્ચ ૨૦૨૫ થી ૩ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાંથી ૧૬૩૨ ઢોર પકડી ગૌશાળામાં રાખવાની વ્યવસ્થા કરી હતી. આ સિવાય ૧૭૬ પશુ માલિકોને લાયસન્સ, ૧૮ લોકોને ઘાસ વેચાણની પરમિટ અને ૨૯ પેટડોગ રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા છે. ૩૯ પશુપાલકોના ૭૦૦ પશુઓનું RFID અને ટેગિંગ પણ પૂર્ણ કરાયું છે. મોરબી મહાનગરપાલિકા પ્રાણી રંજાડ અંકુશ (ANCD) શાખા દ્વારા શહેરમાં ઢોરમુક્ત અને સ્વચ્છતા યુક્ત વાતાવરણ જળવાઈ રહે તે હેતુસર સતત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. માર્ચ ૨૦૨૫ થી ૩ ડિસેમ્બર ૨૦૨૫



દરમ્યાન શહેરના વિવિધ વિસ્તારોમાંથી કુલ ૧૬૩૨ પશુ પકડી તેમને આજુબાજુની ગૌશાળાઓમાં સુરક્ષિત રીતે મૂકવામાં આવ્યા હતા. આ કામગીરીથી શહેરમાં ગેરવહીવટથી છૂટા ફેરવાતાં ઢોર નિયંત્રણમાં આવી સઘન પરિણામ મળ્યાં છે. વિભાગ દ્વારા પશુ વહીવટને નિયમિત બનાવવા માટે ૧૭૬ પશુ માલિકોને લાયસન્સ આપવામાં આવ્યા છે, જ્યારે ૧૮ લોકોને ઘાસ વેચાણ માટેની પરમિટ જારી કરવામાં આવી છે. શહેરમાં પેટ ડોગ્સ માટેની વ્યવસ્થા મજબૂત બનાવવામાં પણ ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. અત્યાર સુધી ૨૯ નાગરિકોના પેટડોગનું રજીસ્ટ્રેશન પૂર્ણ કરાયું છે. પશુપાલકોના પશુઓની ઓળખ અને ટ્રેકિંગ પ્રક્રિયા વધુ વ્યવસ્થિત બને તે માટે ANCD શાખા દ્વારા ૩૯ પશુપાલકોના કુલ ૭૦૦ પશુઓનું અને ટેગિંગ કરવામાં આવ્યું છે. આ કામગીરી હજી પણ ચાલુ છે અને બાકીના પશુપાલકોને પણ વહેલી તકે પ્રક્રિયા પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે.

# અમદાવાદ મ્યુનિ કોર્પોરેશન દ્વારા શહેરમાં નવ હોસ્પિટલને સીલ કરાશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ પશ્ચિમઝોન હદ વિસ્તારમાં વપરાશ પરવાનગી (BU) મેળવ્યા સિવાય વપરાશ ચાલુ રાખેલ હોય તેવી હોસ્પિટલોને બાંધકામની નિયમાનુસાર વપરાશ પરવાનગી મેળવી લેવા તેમજ ગૃડા-૨૦૨૨ હેઠળ બાંધકામ નિયમિત કરાવી લેવા અત્રેથી નોટીસ પાઠવેલ. તેમજ તે સંદર્ભે વારંવાર મૌખિક સૂચના આપવા છતાં તેઓ દ્વારા વપરાશ પરવાનગી કે બાંધકામ નિયમિત કરાવેલ હોવા અંગેના કોઈ અધિકૃત પુરાવા રજૂ કરેલ ન હોઈ, અને વપરાશ શરૂ રાખેલ હોઈ, જાહેર સલામતીના ભાગરૂપે નીચે જણાવેલ હોસ્પિટલોને આજ તારીખ-૦૩-૧૨-૨૦૨૫ ના રોજ સવારે સીલ કરવામાં આવેલ છે.

(૧) ૩૩-સરખેજ : દેવપુષ્પ મેટરનીટી એન્ડ નર્સિંગ હોમ, ગજરાજ કોમ્પ્લેક્ષ, સરખેજ

(૨) ૩૪-મક્તમપુરાઃ મુસ્કાન મેટરનીટી હોમ, ગુલમોહર સોસાયટી, મક્તમપુરા

(૩) ૩૪-મક્તમપુરાઃ નૌશીન હોસ્પિટલ, મક્તમપુરા

(૪) ૩૪-મક્તમપુરાઃ રિયાઝ હોસ્પિટલ, રોયલ અકબર ટાવર પાસે, જુહાપુરા

(૫) ૩૪-મક્તમપુરાઃ હેપ્પીનેસ્ટ ચીલ્ડ્રન હોસ્પિટલ, યુનીડ ફ્લેટ, વિશાલા સર્કલ

(૬) જોધપુર-૨ઃ સફલ મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલ, સાઉથ બોપલ

(૭) જોધપુર-૨ઃ મમતા હોસ્પિટલ, સાઉથ બોપલ

(૮) જોધપુર-૨ઃ આસના ઓર્થોપેડીક હોસ્પિટલ, સાઉથ બોપલ

(૯) જોધપુર-૨ઃ દ્વારિકા હોસ્પિટલ, સાઉથ બોપલ

આગામી દિવસોમાં વપરાશ પરવાનગી મેળવેલ ન હોય કે ગૃડા-૨૦૨૨ અંતર્ગત બાંધકામ નિયમિત કરાવેલ ન હોય તેવા મલ્ટીપ્લેક્ષ, શૈક્ષણિક સંસથાઓ વિગેરે જેવા એસેમ્બલી પ્રકારના એકમોનો વપરાશ બંધ કરાવવા અંગે સીલની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

# સાઈબર ક્રાઈમના ૨૩.૦૨ લાખ ફરિયાદીઓના અત્યાર સુધીમાં રૂ. ૭,૧૩૦ કરોડ ઠગાતા સસ્પેક્ટ રજિસ્ટ્રી વડે બચાવાયા



### રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીના ભારતમાં વધેલી સાઈબર ક્રાઈમની ઘટનાઓ સામે લેવાયેલાં પગલાં અંગેના પ્રશ્નનો ગૃહ રાજ્યમંત્રીએ આપેલો જવાબ

### ભારત સરકારે સસ્પેક્ટ રજિસ્ટ્રીની મદદથી સાઈબર ગુનેગારોના ૨૪.૬૭ લાખ લેયર ૧ મ્યુલ એકાઉન્ટ્સ ઓળખી કાઢ્યા છે અને રૂ. ૮૦૩૧ કરોડના ટ્રાન્ઝેક્શન

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

નાણાકીય છેતરપિંડીના ત્વરિત રિપોર્ટિંગ અને ઠગો દ્વારા ફંડને સગેવગે કરતા અટકાવવા માટે ૪ હેઠળ સિટીઝન ફાઈનાન્સિયલ સાઈબર ફ્રોડ રિપોર્ટિંગ એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ (CFCFRMS)ને વર્ષ ૨૦૨૧માં લોંચ કરાઈ હતી. અત્યારસુધીમાં, ૨૩.૦૨ લાખથી વધુ ફરિયાદોમાં રૂ. ૭,૧૩૦ કરોડથી વધુની નાણાકીય રકમ બચાવી શકાઈ છે. ઓનલાઈન સાઈબર ફરિયાદ નોંધાવવામાં મદદરૂપ થવા ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર ૧૯૩૦ શરૂ કરાયો છે. ગૃહ મંત્રાલયે દેશમાં તમામ પ્રકારના સાઈબર ગુનાઓનો સંકલિત અને સર્વગ્રાહી રીતે સામનો કરવા એક એટેચ ઓફિસ તરીકે 'ઈન્ડિયન સાઈબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટર' (I4C)ની રચના કરી છે. રાજ્યસભાના સભ્ય પરિમલ નથવાણીને આ માહિતી ગૃહ રાજ્યમંત્રી શ્રી બંદી સંજયકુમારે આપી હતી.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, બેંકો/ નાણાકીય સંસ્થાઓના સહયોગથી ૧૦.૦૯.૨૦૨૪ના રોજ I4C દ્વારા સાઈબર ગુનેગારોની ઓળખકર્તા શકમંદોની રજિસ્ટ્રી લોંચ કરાઈ છે. અત્યાર સુધીમાં, બેંકો પાસેથી ૧૮.૪૩ લાખથી વધુ શકમંદોના ઓળખકર્તા ડેટા પ્રાપ્ત થયા છે અને ૨૪.૬૭ લાખ લેયર ૧ મ્યુલ એકાઉન્ટ્સની વિગતોની શકમંદોની રજિસ્ટ્રીની સહભાગી સંસ્થાઓ સાથે વહેંચણી કરાઈ છે અને રૂ. ૮૦૩૧.૫૬ કરોડના ટ્રાન્ઝેક્શન્સ નકારી કઢાયા છે.

સાઈબર ક્રાઇમ તપાસ, ફોરેન્સિક્સ, પ્રોસિક્યુશન વગેરેના મહત્વપૂર્ણ પાસા પર ઓનલાઈન કોર્સ દ્વારા પોલીસ અધિકારીઓ/ ન્યાયિક અધિકારીઓના ક્ષમતા નિર્માણ માટે I4C હેઠળ 'સાઈટ્રેન' નામનું મેસિવ ઓપન ઓનલાઈન કોર્સિસ (MOOC) પ્લેટફોર્મ વિકસાવાયું છે. રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોના ૧,૪૪,૮૯૫થી વધુ પોલીસ અધિકારીઓ/ ન્યાયિક અધિકારીઓ તેમાં રજિસ્ટર્ડ થયેલા છે અને પોર્ટલ દ્વારા ૧,૧૯,૬૨૮થી વધુ પ્રમાણપત્રો જારી કરાયા છે.

I4C ખાતે એક અત્યાધુનિક, સાઈબર ફ્રોડ મિટિગેશન સેન્ટર (CFMC)ની સ્થાપના કરાઈ છે, જ્યાં અગ્રણી બેંકો, નાણાકીય મધ્યસ્થીઓ, પેમેન્ટ એગ્રીગેટર્સ, ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સ, IT ઈન્ટરમિડિયેટરીઝ અને રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોની કાયદા અમલીકરણ એજન્સીઓના પ્રતિનિધિઓ સાઈબર ગુનાખોરીનો સામનો કરવા ત્વરિત કાર્યવાહી અને સરળ સહયોગ માટે સાથે મળીને કામ કરી રહ્યા છે. અત્યારસુધીમાં, ભારત સરકારે પોલીસ અધિકારીઓના રિપોર્ટિંગના આધારે ૧૧.૧૪ લાખથી વધુ સિમ કાર્ડ અને ૨.૯૬ લાખથી વધુ ને બ્લોક કરી દીધા છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ટીઆરપી કાંડના તમામ આરોપીઓ દોઢ વર્ષમાં એક પછી એક જામીન મુક્ત થયા

### છેલ્લા બે ટીઆરપી ગેમ ઝોનના મેનેજર ધવલ ઠક્કર, ફાયર ઓફિસર ઠેબાને પણ જામીન મળતા ૧૫ આરોપીઓ જામીન શરતભંગ ન કરે કે કેસ ન ચાલે ત્યાં સુધી રહેશે બહાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના નાનામવા રોડ નજીક સયાજી હોટલ પાછળના ભાગે આવેલા ટીઆરપી ગેમઝોનની ગત વર્ષની તા.૨૫-૫-૨-૨૦૨૪ની એ ગોઝારી સાંજે ગેમઝોનમાં આગ ભભુકી હતી. સેકન્ડોમાં આ આગ જવાળા બની હતી. લાવારૂપ બનેલા આગકાંડમાં અંદર ગેમ રમવા આવેલા બાળકો અને તેમના પરિવારજનો વાલીઓ, મોટેરા મળીને ૨૭માનવજીવ ભૂંકાઈને ભડથું થઈ ગયા હતા. ટીઆરપી ગેમઝોન કાંડમાં ગેમઝોનના કર્મચારીઓ, જવાબદારો યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, ધવલ ભરતભાઈ ઠક્કર, ગેમઝોન જગ્યાના માલિક કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, અશોકસિંહ જાડેજા, ગેમઝોનનો મુખ્ય સુત્રધાર કે આયોજક પ્રકાશચંદ કનૈયાલાલ જૈન હીરન, ઉપરાંત સરકારી તંત્રના અલગ-અલગ વિભાગોના અધિકારીઓ રાજકોટ મહાપાલિકાના ટીપીઓ મનસુખભાઈ ધનજીભાઈ સાગઠિયા, ઈજનેર ગૌતમ દેવશંકરભાઈ જોશી, જયદીપ બાલુભાઈ ચૌધરી, મુકેશ રામજીભાઈ મકવાણા, રાજેશ નરશીભાઈ મકવાણા, ફાયરબ્રિગેડના ચીફ ઈલેકશકુમાર વાલાભાઈ ખેર, ભીખાભાઈ જીવાભાઈ ઠેબા, રોહિત આસલમભાઈ વિગોરા તેમજ મહેશ અમૃતલાલ રાઠોડની જે તે સમયે સરકાર પક્ષે તાલુકા પોલીસ મથકના પીએસઆઈ પી.બી. ગાજીયાએ નોંધાવેલી ફરિયાદમાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરાઈ હતી.

સમગ્ર ઘટનામાં એ વખતે સરકાર દ્વારા તાબડતોબરૂપે સીટની રચના કરાઈ હતી. રિપોર્ટ રજૂ થયા હતા. સ્થાનિક કક્ષાએ રાજકોટ શહેર

પોલીસમાં પણ તપાસ માટે સીટ બનાવાઈ હતી. ધરપકડો કરાઈ હતી. જે તે સંબંધિતોના રિમાન્ડ મેળવાયા હતા અને જેલ હવાલે થયા હતા. જેલ બંધ રહેલા આરોપીઓ દ્વારા જામીન મુક્ત થવા કાનૂની પ્રક્રિયાઓ આરંભાઈ હતી. કોર્ટમાં ચાર્જશીટ રજૂ થયું હતું. દોઢ વર્ષના સમયગાળા દરમિયાન એક પછી એક આરોપીઓને સમયાંતરે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાંથી જામીન અરજી સાથે કાયદાકિય લડત આરોપી પક્ષે દસ્તાવેજી પુરાવાઓ, દલીલો, રજૂઆતો સાથે આરોપીને જામીન મળ્યા છે. ૧૫ આરોપીઓ પૈકી ફાયર વિભાગના સસ્પેન્ડેડ ઓફિસર ભીખાભાઈ ઠેબા અને ગેમઝોનના મેનેજર ધવલ ઠક્કર પણ જામીન મુક્ત થયા છે.

ટીઆરપી અગ્નિકાંડના ૧૬ આરોપીઓ પૈકી ગેમઝોનના મુખ્ય આરોપી સમા પ્રકાશચંદ હિરેનનું પણ જે તે સમયે આગમાં મૃત્યુ થયું હતું. હાલના તબક્કે તમામ ૧૫ આરોપીઓ જામીન મુક્ત થયા છે. જામીનની મુકાયેલી શરતોનો ભંગ ન કરે કે કેસ ચાલે નિર્દોષ કે દોષિત આવો કોઈપણ પણ ચૂકાદો ન આવે ત્યાં સુધી હવે આરોપીઓ જેલમાંથી મુક્ત રહેશે.

# સૌરાષ્ટ્રમાં હથિયાર સપ્લાય કરનાર શખ્સ મધ્યપ્રદેશથી ઝડપાયો

### ફાયરિંગ કરનાર પેંડા ગેંગને હથિયાર પહોંચાડનારને ઝડપી લેવા રાજકોટ પોલીસે ગુપ્ત ઓપરેશન પાર પાડ્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુખ્યાત 'પેંડાગેંગ'ને હથિયાર સપ્લાય કરનાર મુખ્ય આરોપીને શહેર એસઓજીની ટીમે મધ્યપ્રદેશથી ઝડપી લીધો છે. આ શખ્સ આમ તો ખેતી મજુરીનું કામ કરે છે. પરંતુ સૌરાષ્ટ્રભરમાં તેના વિરૂધ્ધ ગેરકાયદે હથીયાર સપ્લાય કરવાના ૧૨ ગુના નોંધાઈ ચુક્યા છે. પેંડાગેંગને પણ તેણે હથીયાર આપ્યું હોઈ તેને એમપીથી રાજકોટ ઉઠાવી લાવી ધરપકડ કરી વિશેષ તપાસ શરૂ કરવામાં આવી છ. એસઓજીની ટીમે મધ્યપ્રદેશના ભીંડ જિલ્લાના ઈસુરી ગામનો રહેવાસી રાજેશસિંગ ઉર્ફે રાજુ ગંગાસિંગ રાજાવત (ઉ.વ.૩૨) નામના ખેત મજૂરને પકડયો છે.

આ શખ્સ રાજકોટની પેંડાગેંગના સાગરીતોને હથિયાર પહોંચાડવાનું નેટવર્ક ચલાવતો હતો. પોલીસ તપાસમાં ખુલ્યી! મુજબ રાજેશસિંગ ઉર્ફે રાજુ વ્યવસાયે ખેત મજૂર હોવા છતાં તેનું નેટવર્ક મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશની બોર્ડર નજીક આવેલા તેના વતનથી ગુજરાત સુધી ફેલાયેલું હતું. રાજુ વિરૂધ્ધ૨૦૧૮ થી ૨૦૨૫ દરમિયાન ગુજરાતમાં જ આર્મ્સ એક્ટ હેઠળ કુલ ૧૨ ગંભીર સૌમનાય ગુનાઓ નોંધાયેલા છે. આ ગુનાઓ રાજકોટ, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાઓમાં નોંધાયા છે. જે દર્શાવે છે કે તે લાંબા સમયથી સૌરાષ્ટ્રમાં ગેરકાયદે હથિયારોનો સપ્લાય કરતો હતો. પોલીસના જણાવ્યા મુજબ રાજેશસિંગે તાજેતરમાં ચર્ચામાં આવેલા પેંડાગેંગના બે મુખ્ય સાગરીતો, મેટિયો ઝાલા અને મોન્ટુ રોજાસરાને ગેરકાયદે હથિયાર સપ્લાય કર્યા હતા. વધુમાં એવી પણ માહિતી છે કે પેંડા ગેંગના સાગરીતો ઓગસ્ટ માસમાં હથિયાર લઈને આવ્યા હતા. રાજુની ધરપકડથી આ ગેંગને હથિયાર મળવાના મૂળ સુધી પહોંચવામાં પોલીસને મદદ મળશે.

શહેરમાં પેંડાગેંગ અને મુરગાગેંગ વચ્ચેની ગેંગવોરની ઘટનાઓ તાજેતરમાં ખુબ ચર્ચામાં રહી છે. મંગળા રોડ પર હોસ્પિટલ બહાર થયેલા અંધાધૂંધ ફાયરિંગ બાદ પોલીસે આ બંને ગેંગ સામે કડક કાર્યવાહી શરૂ કરી હતી. ગુજસીટોક હેઠળ પણ આ બંને ગેગ સામે ગુના દાખલ કરાયા છે. પેંડા ગેંગના સભ્યો સામે છેલ્લા ૧૦ વર્ષમાં ખૂન, ખૂનની કોશિશ, લૂંટ, ધાકધમકી, ફાયરિંગ અને ગેરકાયદેસર હથિયાર વેચાણ સહિતના ૭૧થી વધુ ગંભીર ગુના નોંધાયેલા છે. આ બંને ગેંગ મુખ્યત્વે રાજકોટ અને સૌરાષ્ટ્રના આસપાસના વિસ્તારોમાં આતંક મચાવવા અને ગેરકાયદે પ્રવળત્તિઓ માટે જાણીતી છે. પોલીસે હવે ગેંગના સભ્યો સામે ગુજસીટોક હેઠળ આજીવન કેદ સુધીની સજાની જોગવાઈ સાથે કડક પગલાં લીધા છે. જેનાથી અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે. રાજેશસિંગ ઉર્ફે રાજુએ પેંડાગેંગને હથીયાર આપ્યાનું ખુલતાં તેને ઉઠાવી લેવાયો છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ સંજયસિંહ એમ. જાડેજાની રાહબરીમાં પીએસઆઈ વી. કે. ઝાલા, હરદેવસિંહ, યોગેન્દ્રસિંહ, અનોપસિંહની ટીમે મધ્યપ્રદેશથી રાજુ ઉર્ફે રાજેશસિંગને ઝડપી લીધો છે. તેની વધુ પુછ્તાછ થઇ રહી છે.

# રેસકોર્સ રીંગ રોડ પર વેપારીના ગળામાંથી ચેનની ચીલઝડપ કરનાર રીઢો ગુનેગાર ઝડપાયો

### ૩૦ ગુનામાં સંડોવાયેલો શખ્સ પાસામાં પણ ધકેલાયો' તો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેસકોર્સ રીંગ રોડ પર વોકીંગ કરવા ગયા બાદ વેપારી કિશાનપરા ચોક પાસે ગાડી મુકી ઈન્કમટેક્સ ઓફીસ નજીક પહોંચતા અજાણ્યા બાઇકનાં ચાલકે તેનાં ગળામા ઝોટ મારી સોનાનો ચેઇન આચકી લેતા ચેઇન તુટી ગયો હતો અને થોડો સોનાનો ચેઇન અને પેન્ડન્ટ લઇ બાઇક ચાલક ભાગી જતા તેમણે પ્રનગર પોલીસ મથકમા ફરીયાદ નોંધાવી હતી. આ ઘટનામા પોલીસે નામચીન શખ્સ ને ઝડપી લઈ ચેઇન કબજે લેવા તજવીજ શરુ કરી છે.

આ અંગેની વિગતો મુજબ શહેરનાં રૈયા ટેલીફોન એક્ષચેન્જ પાસે સોમનાથ સોસાયટી શેરી નં ૧ મા આવેલા મોલ્ટાબેલા નામનાં એપાર્ટમેન્ટમા રહેતા પુનીતભાઈ દીપકભાઈ ગણાત્રા એ પોતાની ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તેઓ ભક્તિ નગર સ્ટેશન પ્લોટ શેરી નં ૭મા ચીરાગ ટ્રેડ લીન્ક નામની ઓફીસ ધરાવે છે અને ગઇ તા. ૨૯ નાં રોજ સવારનાં સમયે પોતાનુ સ્કુટર રેસકોર્સ રીંગ રોડ પર આવેલા કીશાનપરા ચોક નજીક પાર્ક કરી વોકીંગ માટે નીકળ્યા હતા અને ત્યારબાદ તેઓ વોકીંગ કરી ઇન્કમ ટેકસ ઓફીસ સુધી પહોચતા ઇન્કમ ટેકસ ઓફીસ પાસે અજાણ્યા બાઇકનાં ચાલકે ગળામાથી સોનાનાં ચેનની ઝોટ મારી ભાગી ગયો હતો . આ સમયે ચેઇન તુટી ગયો હતો અને આ મામલે પ્રનગર પોલીસ મથકમા ફરીયાદ નોંધાવતા પોલીસ મથકનાં પીઆઈ વસાવા, તોફીકભાઈ જુણાચ અને તોફીકભાઈ મંધરા તેમજ ચાંપરાજભાઈ ખવડ સહીતનાં સ્ટાફે આરોપી મેહુલ ઉર્ફે ભુરી મામો ધનજીભાઈ જેઠવા (રહે. મવડી પ્લોટ નવલનગર ૯ નાં છેડે કૈલાશ નગર શેરી નં ૨) ને ઝડપી લીધો હતો. ઉલ્લેખનીય છે કે આરોપી વિરુધ્ધ અગાઉ ૩૦ ગુના નોંધાઈ ચુકયા છે અને આરોપી પાસાની હવા પણ ખાઈ આવ્યો છે.

# જાગનાથ પ્લોટમાં યુવકનો ગળેફાંસો ખાઇ આપઘાત

### રચના એપાર્ટમેન્ટમાં બનેલી ઘટનાઃ ટ્રેડિંગનું કામ કરતો ગોંડલનો યુવક હજુ રહેવા પણ ન્હોતો આવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં છેલ્લા ઘણા સમયથી વ્યાજખોરોના ત્રાસથી, માનસિક તણાવ, પારિવારિક કંકાસ, અભ્યાસનું ટેન્શન સહિતના કારણોથી આપઘાતના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે ત્યારે આવો જ વધુ એક બનાવ પોલીસ ચોપડે નોંધાયો હતો. શહેરના જાગનાથ પ્લોટ શેરી નં.૧૧માં આવેલા રચના એપાર્ટમેન્ટમાં ૩૫ વર્ષીય યુવકે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં આપઘાતનું સાચું કારણ જાણવા પોલીસે પણ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. આ અંગે વધુમાં જાણવા મળતી વિગતો પ્રમાણે મુળ ગોંડલના સંદીપ રસિકભાઈ ડોબરિયા (ઉ.વ.૩૫) કે જે ટ્રેડિંગનું કામકાજ કરે છે તેણે રચના એપાર્ટમેન્ટમાં ભાડે ફ્લેટ રાખ્યો હતો. હજુ તો તેનો સામાન જ ફ્લેટમાં ગોઠવાઈ રહ્યો હતો અને રહેવા પણ આવ્યો ન્હોતો ત્યાં જ બુધવારે બપોરના સમયે ફ્લેટને અંદરથી બંધ કરી દઈ ગળેફાંસો ખાઈ લેતા પ્ર.નગર પોલીસ દોડી ગઈ હતી. આ પછી સંદીપના મૃતદેહને સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે સંદીપના પરિવારને જાણ કરવામાં આવી ન્હોતી પરંતુ મિત્રવર્તુળની પૂછપરછ કરાતાં એવી વિગત જાણવા મળી હતી કે સંદીપનો પરિવાર ગોંડલમાં જ રહે છે અને તેને સંતાનમાં એક પુત્રી પણ છે. સંદીપે આ અંતિમ પગલું શા માટે ભરી લીધું તે જાણવા માટે તપાસ ચાલી રહી છે.

# લીમડા ચોકમાં વેપારી પાસેથી છરીની અણીએ ૨.૫૦ લાખની લુંટ ચલાવનાર ત્રિપુટી ઝડપાઈ

### યુવતી સહિત ત્રણ આરોપી પાસેથી રૂ.૨.૫૦ લાખની રોકડ-કાર મળી રૂ.૩.૫૦ લાખનો મુદામાલ કબજે




**મુખ્ય સમાચાર, રાજકોટ**

લીમડા ચોક પાસે ઉજજીવન બેંકમાંથી ૨.૫૦ લાખ ઉપાડીને જતા ચાંદીના વેપારીને છરી બતાવીને રોકડ ભરેલી બેગ ઝુંટવી લેવાના ગુનામાં એ ડીવીઝન પોલીસે યુવતી સહીત ત્રણ આરોપીને દબોચી લઈને રોકડ - એક કાર અને છરી મળીને રૂ.૩.૫૦ લાખનો મુદામાલ કબજે કર્યો છે. જાણવા મળ્યાર મુજબ મોચીનગર શેરી નં.૦૬, શીતલપાર્ક, ખાતે રહેતા અને હોલસેલ ચાંદીનો વેપાર કરતા શીફાનભાઈ અર્શાદભાઈ પરમાર (ઉં.વ.૨૫)એ આ અંગે એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

આ લુંટના બનાવની ગંભીરતાને ધ્યાને લઈને એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પી.આઈ બી વી બોરીસાગરના તથા એલસીબી ઝોન ૨ ના પી.એસ.આઈ આર. એચ ઝાલાના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ બી વી ગોહિલ, એમ.એસ.મકવાણા, એ.એસ.આઈ જયંતીભાઈ ગોહિલ, ધર્મરાજસિંહ ઝાલા સહિતના સ્ટાફે બનાવ સ્થળના સીસીટીવી ફુટેજ તથા હ્યુમન સોર્સના આધારે લુંટ ચલાવનાર ખ્યાતીબેન પ્રફુલભાઈ ઠાકર ઉ.વ ૨૯ રહે. હુડકો ચોકડી ફાયર બ્રિગેડ, યશ ચંદ્રમોહનભાઈ ભારદ્રાજ રહે. હુડકો ક્વાર્ટર કોઠારિયા મેઈન રોડ, ભાવિન મહેશભાઈ રાયઠઠા ઉ.વ ૩૬ રહે વિરાણી ચોક પ્રેમ મંદિર એપાર્ટમેન્ટની ધરપકડ કરીને તેમની પાસે રૂ. ૨.૫૦ લાખની રોકડ અને ટાટા ટીયાગો કાર તથા એક છરી મળી રૂ. ૩.૫૦ લાખનો મુદામાલ કબજે કર્યો છે

# જેલમાં બંધક પુત્રની મુલાકાતે આવેલા જનેતાનું ખોવાયેલું પર્સ પોલીસ જવાને પરત કર્યું

### પોલીસમેનની ઈમાનદારીની જેલ અધિકારીએ પ્રસંશા કરી બિરદાવ્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**


રાજકોટ મધ્યસ્થ જેલમાં રહેલ આરોપી જયદીપભાઈ અરવિંદભાઈ સીતાપરાની મુલાકાતે આવેલ તેમની માતા ઉષાબેન અરવિંદ સીતાપરા તેમજ બહેન રીનાબેન મુકેશભાઈ કુનપરાનું ખોવાયેલું પર્સ જેલ પોલીસના અજયસિંહ રાઠોડે તેમને હેમખેમ પહોંચાડીને તેમની ફરજ નિષ્ઠા દર્શાવી છે.

રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે આરોપી જયદીપભાઈ અરવિંદભાઈ સીતાપરાની મુલાકાતે આવેલ તેમની માતા ઉપાબેન અરવિંદ સીતાપરા બહેન રીનાબેન મુકેશભાઈ કુનપરાનું પર્સ ગુમ થવાની ઘટના બની હતી.જોકે પોલીસ કર્મચારીઓની સતર્કતા અને પ્રમાણિકતાના કારણે આ પાકીટ મળી આવ્યું છે.જેલમાં ફરજ બજાવતા અને રાઉડી રાઠોડના હુલામણા નામે જાણીતા કોન્સ્ટેબલ અજયસિંહ રાઠોડએ આ પાકીટ જોઈને તુરંત જ તપાસ શરૂ કરી હતી. પાકીટમાં રોકડ રકમ અને અન્ય મહત્વના દસ્તાવેજો હતા. પોલીસએ આ દસ્તાવેજોના આધારે પાકીટના માલિકની ઓળખ મેળવી અને તેમનો સંપર્ક કરી પર્સના માલિકને સુપ્રત કરવામાં આવ્યા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે, અજયસિંહ રાઠોડ કે જેઓનું હુલામણું નામ રાઉડી રાઠોડ છે તેઓ જેલના કેદીઓ માટે કડક સ્વભાવના છે. ભલભલા ગુનેગારો પણ તેમનાથી ફફડી ઉઠે છે.

પાકીટના માલિકે પોલીસ કર્મચારીઓની પ્રમાણિકતા અને નિષ્ઠા બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો.આ ઘટના પોલીસ કર્મચારીઓની પ્રમાણિકતા અને જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ છે. તેઓએ ફક્ત પોતાની ફરજનું પાલન જ નથી કર્યું, પરંતુ એક નાગરિકની મદદ કરીને માનવતાની ભાવનાનું પણ પ્રદર્શન કર્યું છે.

# એરપોર્ટમાં મુંબઈ અને દિલ્હીની બે ફલાઈટ કેન્સલ થતાં પેસેન્જરોનું 'હલ્લાબોલ'

### ઈન્ડિગોની સોફ્ટવેર સિસ્ટમ ઠપ્પ થઈ જતાં પાયલોટ્સ અને ક્રુ મેમ્બર્સ ફલાઈટ ઓપરેશન્સ માટે પહોંચી ન શક્યા હોવાનું એરલાઈન્સનું કથન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટથી ઉડાન ભરતી ઈન્ડિગોની ફ્લાઈટની છેલ્લા એક સપ્તાહથી અનિયમિતતાને પગલે પેસેન્જરોમાં ભારે આક્રોશ ફેલાયો હતો ને બુધવારે નોટિસ વિના બે ફ્લાઈટ કેન્સલ કરી દેવાતા પેસેન્જરોએ હીરાસર ટર્મિનલ ખાતે ''હાય..ઈન્ડિગો..હાય..ઈન્ડિગો..'નાં નારા લગાવ્યા હતા.એક તબક્કે વાતાવરણ તંગ બની જતાં સુરક્ષાકર્મીઓએ પેસેન્જરોને સમજાવતાં મામલો થાળે પડયો હતો.

હતી. જ્યાર મુંબઈ બુધવારે ઈન્ડિગોની રાજકોટ-દિલ્હી જે સાંજે ૬ વાગ્યે ઉડાન ભરતી ફ્લાઈટ અને રાજકોટ મુંબઈની સાંજે ૫ વાગ્યે ઉડાન ભરતી ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી હતી.જ્યારે .જ્યારે મુંબઈની સવારની ફ્લાઈટ પણ દોઢ કલાક મોડી હતી.આ કાલીય બાબતે એરલાઈનની ટીમએ કહ્યું હતું કે, અમારી એરલાઈન્સનાં સોફ્ટવેરમાં ટેકિન્કલ ઈસ્યુ આવી ગયો હોય જેને કારણે ક્રૂ અને પાયલોટ્સ અને ઓપરેશનલ ટીમને મેસેજ ન મળ્યો લેટ રિપોર્ટિંગ થતાં સમયસર આ ટીમ પહોંચી શકી નથી જેને કારણે રાજકોટ સહિત અનેક શહેરોમાં ફ્લાઈટ છેલ્લી ઘડીએ કેન્સલ કરવી પડી હતી.રાજકોટથી બંને ફ્લાઈટમાં પેસેન્જરોની સંખ્યા ૩૭૨ જેટલી હતી. જે તમામને બીજા દિવસની કે અન્ય કનેકટીવિટી સાથેની ફ્લાઈટની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. જો કે બુધવારે સવારથી ચેક ઇન સિસ્ટમમાં સમસ્યા આવી જતા દેશભરમાં ફ્લાઈટ ઓપરેશન પ્રભાવિત થયું છે.બેંગલુરુમાં ૪૨, દિલ્હી, હૈદરાબાદમાં અનેક ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી છે.

# કુવાડવા પાસે દારૂ ભરેલી મહિન્દ્રા થાર રેઢી મુકી ચાલક ફરાર

### પીસીબીની ટીમે ૨૦૪ બોટલ દારૂ સહિત કુલ રૂ.૧૨.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાર નંબરના આધારે નાશી જનારની શોધખોળ આદરી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં જેમજેમ થર્ટી ફસ્ટના તહેવારો નજીક આવી રહ્યા છે તેમ નાના-મોટા ગજાના બુટલેગરો દારૂ મંગાવવાનું શરૂ કર્યુ હોય તેમ કુવાડવા રોડ પર પેટ્રોલિંગમાં રહેલ પોલીસને જોઇ દારૂનો જથ્થો ભરેલી મહિન્દ્રા થાર કાર રેઢી મુકી ચાલક ફરારા થઇ જતા પોલીસે ૨૦૪ બોટલ દારૂ અને કાર સહિત રૂ.૧૨.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ શહેરમાં દારૂની બદીને નસ્તનાબુદ કરવા ગુના નિવારણ શાખાની ટીમના ઇન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયાની સુચનાથી હેડ કોન્સ. કરણભાઇ મારૂ તથા રાહુલગીરી ગોસ્વામી સહિતનો સ્ટાફ રાજકોટ-અમદાવાદ હાઈવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે એક મહિન્દ્રા થાર નં.જીજે૩એનકે૩૦૦૨માં એક શખ્સ શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે કારનો પીછો કરતા કુવાડવા ગામ પાસે જાહેર રોડ પર કાર રેઢી મુકી ચાલક ફરાર થઇ ગયો હતો. પોલીસે કારની તલાસી લેતા અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૨૦૪ બોટલ કિંમત રૂ.૨.૬૦ લાખનો જથ્થો મળી આવતા પોલીસે કાર સહિત રૂ.૧૨.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાર નંબરના આધારે નાસી ગયેલા શખ્સની શોધખોળ આદરી છે.

# આજથી રાજકોટમાં ઓલ ઈન્ડીયા હોકી ચેમ્પિયનશીપનો પ્રારંભઃ દેશભરના ખેલાડીઓ બતાવશે કૌતુક

### રાજય પોલીસ વડાની ઉપસ્થિતિમાં પુરૂષ અને મહિલા પોલીસની ૩૨ ટીમ વચ્ચે ૧૪મી સુધી સ્પર્ધા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં કાલથી ૧૪ ડીસેમ્બર સુધી યોજાનાર ૭૪મી ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપની યજમાની રાજકોટ પોલીસ કરનાર હોય જેના ભાગરૂપે રેન્જ આઈજી અશોક કુમાર યાદવ અને પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા સહિતના પોલીસ અધિકારીઓની અધ્યક્ષતામાં હોકી ચેમ્પિયનશિપના ઉદઘાટનનું રિહર્સલ યોજાયું હતું. આ હોકી ચેમ્પિયનશિપના ૭૪માં સંસ્કરણમાં ભારતભરની પોલીસ અને પેરા મીલીટરી ફોર્સની કુલ ૩૨ ટીમો ભાગ લેશે. જે રાજકોટના રેસકોર્સ સ્થિત મેજર ધ્યાનચંદ હોકી સ્ટેડિયમ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હોકી ગ્રાઉન્ડ ખાતે યોજાશે. જે અન્વયે ખેલાડીઓને ટ્રેનિંગ ઝોન અને મેડિકલ સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે પોલીસ અધિકારીઓએ જરૂરી માર્ગદર્શન પૂરું પાડયું હતું.

આ ચેમ્પિયનશીપના ઉદઘાટન સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય, વરિષ્ઠ અધિકારીઓ અને સમગ્ર દેશના ખેલાડીઓ હાજર રહેશે. આજે આ હોકી ચેમ્પિયનશીપનું રિહર્સલ પણ યોજાયુ હતું. શહેર પોલીસના અધિકારીઓને લાયઝનિંગ ઓફીસર તરીકે નિમવામાં આવ્યા છે.

# પડધરીની ફોર્ટમાં ફલ્લાના પ્રૌઢાએ પિતાની જમીનમાં દાવો કર્યા બાદ કરેલ વાંધા અરજી કોર્ટે ફગાવતા આપઘાતનો પ્રયાસ

### તબિયત લથડતા વૃધ્ધાને સારવાર અર્થે ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરી કોર્ટમાં ફલ્લા ગામના પ્રૌઢાએ ચાલુ કોર્ટમાં ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા તાકિદે સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવના પગલે પડધરી પોલીસે દોડી જઈ પ્રૌઢાનું નિવેદન નોંધી કાર્યવાહી કરી હતી

જામનગરના ફલ્લા ગામે રહેતા પુરીબેન ઉર્ફે જયાબેન બાબુભાઈ ચાવડા ઉ.૫૫ નામના પ્રૌઢા સવારે પડધરી કોર્ટમાં ફિનાઈલ પી લેતા તાકિદે સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા. બનાવ અંગેની હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી પડધરી પોલીસને જાણ કરી તપાસ હાથ ધરતા પ્રૌઢાના પિતા કરશનભાઈ મુળાભાઈની મેટોડામાં આવેલી ૪૨ વિઘા જમીનમાં ભાગ મેળવવા માટે વર્ષ ૨૦૨૨માં કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો.દાવો ચાલુ હોવા છ્તા તેના પિતાએ વર્ષ ૨૦૨૫માં આ જમીન વેંચી નાખી હોય જેથી પ્રૌઢા પુરીબેન ઉર્ફે જયાબેન બાબુભાઈ ચાવડાએ વાંધા અરજી કરી હતી.દરમ્યાન કોર્ટે ચૂકાદો આપતા પ્રૌઢાનો દાવો ફગાવી નાખ્યો હતો.જેથી તેઓ કોર્ટમાં કાગળો લેવા ગયા હતા.ત્યારે કોર્ટમાં ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

# ચોટીલા નજીક એસએમસીનો મોટો દરોડોઃ ૧.૭૭ કરોડનો વિદેશી દારૂ પકડાયો

### નાની મોલડી હોટલ પાસે પાર્ક ટ્રકમાંથી ૨૮૪૦૪ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યોઃ સાત શખસો ઝડપાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

એસએમસીના સૌરાષ્ટ્રમાં દરોડાના દૌર ચાલુ થયા છે. વધુ એક દરોડામાં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા નજીક નાની મોલડી પાસે વડવાળા દર્શન હોટલ પાસે પાર્ક થયેલા ટ્રકમાંથી રૂપિયા ૧,૭૭,૮૧,૩૬૦ની કિંમતનો ૨૮,૪૦૪ બોટલ વિદેશી દારૂનો જથ્થો પકડીને સપાટો બોલાવી દીધો છે. હોટલ પાસે પાર્ક રાજસ્થાન પાર્સિંગ આર. જે.૧૯-જી.જે.૩૮૩૮ નંબરના મોટા ટ્રક ટેલરમાં પીએસઆઈ વી.એન. જાડેજા તથા ટીમે દરોડો પાડયો હતો. ટૂંકમાં કોટન વેસ્ટના બંડલોની આડમાં ૧.૭૭ કરોડનો ૨,૩૬૭ પેટી (૨૮,૪૦૪ બોટલ) દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પંજાબના ચંદીગઢ, બટાલાની ડિસ્ટ્રિલરીમાંથી દારૂનો જથ્થો ભરાયો હતો. દારૂનો જથ્થો, ટ્રક અને હોવાની માહિતીના આધારે કોટન વેસ્ટના બંડલો મળી ૨,૩૧,૬૧,૭૬૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. સ્થળ પરથી ચુડાના ભાનેજડાના મુકેશ વાલસીંગ માવી, બડીયા મનુસીંગ દેવકા, પાટળીયા બેસી સસાણિયા, કુવરસીંગ થાનસીંગ મીણવા, રાકેશ વેરસીંગ મસાણિયા, નાંગરસીંગ કાળુસીંગ દેવકા, કાળુ ભારૂ મસાણિયાને ઝડપી પાડયા હતા. નાની મોલડીના સંજય અનકભાઈ ખાચરનું નામ ખૂલ્યું છે. સંજય ઉપરાંત ટ્રકના ડ્રાઈવર-ક્લિનર-માલિક તેમજ દારૂનો જથ્થો મોકલનાર શખસ સામે પણ ગુનો નોંધાવાયો છે. એસએમસીએ લાંબા અંતરાલ બાદ ગીર-સોમનાથમાં દારૂનો જથ્થો પકડયા બાદ બોટાદના નાની વાવડીમાં એક કરોડની કિંમતનું ગાંજાનું વાવેતર પકડયું અને સુરેન્દ્રનગરના નાની મોલડી પાસેથી ૧.૭૭ કરોડનો દારૂનો મોટો જથ્થો પકડતા એસએમસી સૌરાષ્ટ્ર તરફ એક્ટિવ થતાં ધંધાર્થીઓ તથા પોલીસ બેડામાં પણ ફફડાટ ફેલાયો છે.